Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



આત્મ સંવત : ૩૧/૩૨

વીર સંવત : ૨૪૫૨/૫૩ 2452/53

વિક્રમ સંવત :

પુસ્તક : ૨૪

અંક :

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઇટ, ભાવનગર - ૩૬૪૦૦૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ स्रग्धरावृत्तम् ॥

जैना रक्षन्तु धर्मं विमलमतियुता स्त्यक्तरागादिदोषा
जैनान् धर्मश्च पातु प्रशिथिलप्रबलक्रोधशत्रूनुदारान् ।
जैनैरुत्साहशीलैः प्रिय निजविषयैरस्तु भद्रं स्वभूमेर्
'आत्मानन्द' प्रकाशं वितरतु च सुखं श्री जिनाज्ञापरेभ्यः ॥ १ ॥

पु० २४ मुं | वीर सं. २४५२. श्रावण आत्म सं. ३१ | अंक १ लो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ મંગળ-પ્રાર્થના. ... | ... ૧ | ૧૦ અમદાવાદમાં સકળ સંઘના પ્રતિનિધિઓનું સંમેલન. | ...૨૫ |
| ૨ ગુરૂસ્તુતિ. ... ... | ... ૧ | ૧૧ શ્રી જૈન કોન્ફરન્સનું ખાસ અધિવેશન. ... | ...૨૮ |
| ૩ ગ્રાહકોને આશિર્વચન. | ... ૧ | ૧૨ શ્રી ભારતીય જૈન સ્વયંસેવકનું પ્રથમ અધિવેશન ... | ...૩૬ |
| ૪ નૂતન વર્ષનું મંગળમય વિધાન... | ૨ | ૧૩ વર્તમાનસમાચાર-શ્રી જૈન મહિલા સમાજનું મિલન વગેરે. | ૩૯ |
| ૫ "વીર-વંદન." ... | ... ૮ | ૧૪ સ્વીકાર અને સમાલોચના. | ...૪૦ |
| ૬ વિશ્વરચના પ્રબંધ. ... | ... ૯ | ૧૫ મંગળાભિનન્દન ... | ...૪૨ |
| ૭ જીવ, મન અને ઇંદ્રિઓના સંલાપરૂપ કથા. ... | ...૧૨ | | |
| ૮ કલ્પસૂત્રના એક વર્ષાંકનું અવલોકન. ... | ...૧૫ | | |
| ૯ સાંસારિક જીવન. ... | ...૨૦ | | |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારા માનવંતા લાઇફ મેમ્બરોને ભેટ.

આ સભા તરફથી અનેક વિવિધ સાહિત્યના અનેક ગ્રંથો પ્રકટ થતાં હોવાથી, આ સભાના લાઇફ મેમ્બરો અત્યાર સુધીમાં ગ્રંથો ભેટ મેળવી એક ધાર્મિક સારી લાઇબ્રેરી કરી શકયા છે, તે તેઓશ્રીના ધ્યાનમાંજ છે. ગ્રંથો ભેટ આપવાની ઉદારતા આ સભાએ જેવી રાખેલ છે તેવી કોઇએ ભાગ્યેજ રાખેલ હોવાથી તેને લઇને અનેક બંધુઓ દર માસે નવા નવા લાઇફ મેમ્બરો થતા જાય છે. દિવસાનુદિવસ અનેક ગ્રંથો સભા તરફથી ભેટ મળતા હોવાથી આર્થિક દ્રષ્ટિએ વિશેષ લાભ વ્યાજના ગણત્રીએ વધી જાય છે અને જ્ઞાનોદ્ધારના કાર્યને ઉત્તેજન અને પઠન-પાઠનથી આત્માની નિર્મળતા વધે તે પણ ખાસ છે, તેથી કોઇપણ જૈન બંધુએ આ સભામાં લાઇફ મેમ્બર થઇ તેવો લાભ વેળાસર લેવાની જરૂર છે. **નીચેના ગ્રંથો પ્રકટ થયેલા છે જે ભેટ આપવાના છે.**

## ગ્રંથોના નામ.

| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી કાવ્યસુધાકર. | ૨–૮–૦ | ૨ શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર અર્થ, | |
| ૩ શ્રી આચારોપદેશ. | ૦–૮–૦ | વિશેષાર્થ, ફુટનોટ વિગેરે સહિત | ૧–૪–૦ |
| ૪ શ્રી ધર્મરત્નપ્રકરણ. | ૧–૦–૦ | | |

ઉપરના ચારે ગ્રંથો ભાદરવા વદી ૨ થી ધારા પ્રમાણે બહાર ગામના દરેક લાઇફ મેમ્બરોને પોસ્ટેજ પુરતા વી૦ પી૦ થી ભેટ મોકલવામાં આવશે જેથી સ્વીકારી લેવા વિનંતિ છે.

અત્રેના લાઇફ મેમ્બર બંધુઓએ સભાએથી મંગાવી લેવા વિનંતિ છે.

**નોટ:—હવે પછી ઘણાજ ઉપયોગી મોટા ગ્રંથો છપાય છે તે પ્રકટ થયે ભેટ આપવાના છે. આત્માનંદ પ્રકાશના ટાઇટલ વાંચવા અન્યને ભલામણ છે. કોઇપણ જૈન શ્રીમાને કે સંસ્થાએ આવો સારો ગ્રંથોના ભેટનો લાભ ભૂલવાનો નથી. રીપોર્ટ તથા સૂચિપત્ર મંગાવી ખાત્રી કરો. ! ! !**

## આભાર.

અમારા જે જે માનવંતા ગ્રાહકોએ ગયા અંકમાં જણાવ્યા પ્રમાણે અમારી વિનંતિ ધ્યાનમાં લઇ શ્રી આત્માનંદ પ્રકાશના બે વર્ષનું લવાજમ ભરી ભેટની બુક સ્વીકારી લીધેલ છે તેવા કદરદાન ગ્રાહકોના આભાર માનવામાં આવે છે.

બાર માસ સુધી ગ્રાહક તરીકે રહી, આત્માનંદ પ્રકાશ લઇ લવાજમ વસુલ કરવા મોકલેલ ભેટની બુક નહિં લેતાં વી૦પી૦ પાછું વાળેલ કેટલાક ગ્રાહકો માટે ખેદ પણ થાય છે; કારણકે ગ્રાહક રહ્યા છતાં લવાજમ ન આપવું તે જ્ઞાન ખાતાના દેવાદાર થવું પડે છે તે તેમણે સમજવું જોઇએ, હવે તે ગ્રાહકોને ફરી વી. પી. કરવામાં આવશે જેથી તે લેણું લવાજમ વી૦ પી૦ સ્વીકારી વસુલ આપી દેવું, હવે પછી ગ્રાહક ન રહેવું હોય તો અમોને જણાવવું.

## શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર અર્થ સહિત.

**મૂળ, ભાવાર્થ, વિશેષાર્થ, નોટ વગેરે તદ્દન શિક્ષણની પદ્ધતિએ નવી શૈલીથી અર્થ સહિત વિગેરેની રચના, બાળક, બાળકીઓ જલદીથી મૂળ તથા અર્થ સરલ રીતે શીખી શકે તેવી રીતે તૈયાર કરી છપાવેલ છે. વધારે લખવા કરતાં મંગાવી ખાત્રી કરો. કિંમત રૂ ૧–૪–૦ બાઇંડીંગ થાય છે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નીચેના ગ્રંથો છપાય છે.

૧ **કુમારપાળ પ્રતિબોધ**—ઇતિહાસ અને ઉપદેશની દૃષ્ટિએ અનેક કથાઓ સહિત–શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે કુમારપાળ રાજાને જે ઉપદેશ દૃષ્ટાંત–કથાઓ સહિત આપી જૈન રાજા બનાવેલ છે, તે અન્યધર્મી વાંચતાં પણ જૈન બની જાય છે તો જૈનધર્મી તે વાંચતાં પરમ જૈન બને તેમાં શું નવાઇ ? ૬૦ ફારમ શુમારે ૫૦૦ પાના રોયલ મોટી સાઇઝ=શેઠ નાગરદાસભાઇ પુરૂષોત્તમદાસ રાણપુર નિવાસીની સહાયવડે તેમની સીરીઝ તરીકે—

૨ **શ્રી ધર્મબિન્દુ ગ્રંથ**—શ્રી હરિભદ્રસૂરિ મહારાજ કૃત મૂળ તથા ભાષાંતર સાથે. આપણી: શ્રી જૈન કોન્ફરન્સની એજ્યુકેશનબોર્ડે પાઠશાળાઓના અભ્યાસક્રમ તરીકે દાખલ કરેલ છે. દરેક જૈન તેનો અભ્યાસી હોવોજ જોઇએ.

૩ **શ્રી પેથડકુમાર ચરિત્ર**—અર્વાચીન ઇતિહાસીક ગ્રંથ ઉત્તમ ચરિત્ર મૂળ આ સભાએ છપાવેલ છે આ તેનું ભાષાંતર છે.

૪ **શ્રી વિમલનાથ ચરિત્ર**—વિવિધ ઉપદેશ અને ચમત્કારિક અનેક કથાઓ સહિત ( ખાસ વાંચવા લાયક )

૫ **શ્રી પ્રભાવક ચરિત્ર**— અર્વાચીન બાવીશ મહાન પુરૂષોના ચરિત્રો ( ઇતિહાસિક ગ્રંથ ).

## છપાઇ તૈયાર થયેલ અપૂર્વ ગ્રંથ.

## " गुरुतत्त्व विनिश्चय । "

પ્રસ્તુત ગ્રંથના કર્તા ન્યાયાચાર્ય મહોપાધ્યાય **શ્રીમાન્ યશોવિજયજી** મહારાજ છે. ગુરૂતત્ત્વના સ્વરૂપનો સંગ્રહ વાંચકોને એકજ ઠેકાણે મળી શકે એવા ઉદ્દેશથી તેઓશ્રીએ જૈનાગમોનું દોહન કરી પ્રસ્તુત ગ્રંથમાં તેવા સંગ્રહને રોચક અને સરલ છતાં પ્રૌઢભાષામાં વર્ણવેલો છે. જેનો ખ્યાલ વિદ્વાન્ વાચકોને ગ્રંથના નિરીક્ષણથી આવી શકશે.

સંસ્કૃત ભાષાને નહી જાણનાર સાધારણ વાચકો પણ પ્રસ્તુત ગ્રંથ માટેની પોતાની જિજ્ઞાસા પૂર્ણ કરી શકે તે માટે ગ્રંથની આદિમાં સંપાદકે ગ્રંથનો તેમજ તેના કર્તાનો પરિચય કરાવી ગ્રંથનો તાત્ત્વિક સાર તથા વિષયાનુક્રમ આદિ ગુજરાતી ભાષામાં આપેલ છે. અને અંતમાં ઉપયોગી પરિશિષ્ટો તથા ઉપાધ્યાયજીના અજ્ઞાત બે અપૂર્વ ગ્રંથોનો ઉમેરો કરવામાં આવ્યો છે.

ખપી મુનિમહારાજો તેમજ ગૃહસ્થોએ મંગાવવા સાવધાન રહેવું. દરેક લાભ લઇ શકે તે માટે કિંમત અડધી રાખવામાં આવી છે. કિંમત રૂા. ૩–૦–૦ ટપાલ ખર્ચ જુદું પડશે. અમારે ત્યાંથી મળી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# =ખાસ ખરીદો ને લાભ લ્યો=

## આ સભા તરફથી બહાર પડેલ ઉત્તમોત્તમ ગુજરાતી પુસ્તકો.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી જૈન તત્વાદર્શ ( શાસ્ત્રી ) | ૫-૦-૦ |
| ૨ | નવતત્વનો સુંદર બોધ | ૦-`૦-૦ |
| ૩ | જીવવિચાર વૃત્તિ | ૦-૬-૦ |
| ૪ | જૈન ધર્મ વિષયિક પ્રશ્નોત્તર | ૦-૮-૦ |
| ૫ | જૈનતત્વસાર મૂળ તથા ભાષાંતર | ૦-૬-૦ |
| ૬ | દંડક વિચાર વૃત્તિ મૂળ. અવચુરિ | ૦-૮-૦ |
| ૭ | નયમાર્ગદર્શક | ૦-૧૨-૦ |
| ૮ | હંસવિનોદ ( શાસ્ત્રી ) | ૦-૧૨-૦ |
| ૯ | કુમાર વિહાર શતક, મૂળ અવચૂરિ અને ભાષાંતર સાથે ( શાસ્ત્રી ) | ૧-૮-૦ |
| ૧૦ | પ્રકરણ સંગ્રહ | ૦-૪-૦ |
| ૧૧ | નવ્વાણું પ્રકારી પૂજા અર્થ સહિત | ૦-૮-૦ |
| ૧૨ | આત્મવલ્લભ સ્તવનાવલી | ૦-૬-૦ |
| ૧૩ | મોક્ષપદ સોપાન | ૦-૧૨-૦ |
| ૧૪ | પ્રશ્નોત્તર પુષ્પમાલા ( શાસ્ત્રી ) | ૦-૧૪-૦ |
| ૧૫ | શ્રાવક કલ્પતરૂ | ૦-૬-૦ |
| ૧૬ | આત્મપ્રબોધ ગ્રંથ ( શાસ્ત્રી ) | ૨-૮-૦ |
| ૧૭ | આત્મવલ્લભ પૂજા સંગ્રહ | ૧-૮-૦ |
| ૧૮ | જંબુસ્વામી ચરિત્ર | ૦-૮-૦ |
| ૧૯ | જૈન ગ્રંથ ગાઇડ ( ગુજરાતી ) | ૧-૦-૦ |
| ૨૦ | તપોરત્ન મહોદધિ ભાગ ૧-૨ તમામ તપ વિધિ સાથે | ૧-૦-૦ |
| ૨૧ | સમ્યકત્વ સ્તવ | ૦-૪-૦ |
| ૨૨ | ચંપકમાળા ચરિત્ર | ૦-૮-૦ |
| ૨૩ | શ્રી સમ્યકૂત્વ કૌમુદી | ૧-૦-૦ |
| ૨૪ | પ્રકરણ પુષ્પમાલા બીજું | ૦-૮-૦ |
| ૨૫ | અનુયોગદ્વાર સૂત્ર | ૦-૮-૦ |
| ૨૬ | અધ્યાત્મમત પરીક્ષા | ૦-૪-૦ |
| ૨૭ | ગુરૂગુણ છત્રીશી | ૦-૮-૦ |
| ૨૮ | શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવલી | ૦-૫-૦ |
| ૨૯ | જ્ઞાનામૃત કાવ્યકુંજ ( જ્ઞાનસાર અષ્ટક ગદ્ય, પદ્ય, અનુવાદ સહિત ) | ૦-૧૨-૦ |
| ૩૦ | શ્રી ઉપદેશ સપ્તતિકા | ૧-૦-૦ |
| ૩૧ | સંબોધ સિત્તરી | ૧-૦-૦ |
| ૩૨ | ગુણમાલા ( પંચપરમેષ્ઠિના ૧૦૮ ગુણનું વર્ણન અનેક કથાઓ સહિત ) | ૧-૮-૦ |
| ૩૩ | સુમુખનૃપાદિ કથા. | ૧-૦-૦ |
| ૩૪ | આદર્શ સ્ત્રી રત્નો | ૧-:-૦ |
| ૩૫ | શ્રી નેમનાથ ચરિત્ર. | ૨-૦-૦ |
| ૩૬ | શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા, ૧ લો. | ૨-૦-૦ |
| ૩૭ | શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૨-૮-૦ |
| ૩૮ | શ્રી દાન પ્રદીપ | ૩-૦-૦ |
| ૩૯ | શ્રી નવપદજી પૂજા અર્થ ફૂટનોટ સહિત | ૧-૪-૦ |
| ૪૦ | શ્રી કાવ્ય સુધાકર | ૨-૮-૦ |
| ૪૧ | શ્રી ધર્મરત્ન પ્રકરણ | ૧-૦-૦ |
| ૪૨ | શ્રી આચારોપદેશ ( રેશમી પાકું કપડાનું બાઇડીંગ ) | ૦-૮-૦ |
| ૪૩ | કુમારપાળ પ્રાતબોધ. | છપાય છે. |
| ૪૪ | ધર્મબિન્દુ ( આવૃતી બીજી ) | ,, |
| ૪૫ | શ્રી પંચપ્રતિક્રમણ અર્થ સહિત | ૧-૪-૦ |
| ૪૬ | શ્રી પ્રભાવક ચરિત્ર | છપાય છે. |
| ૪૭ | શ્રી વિમલનાથ ચરિત્ર | ,, |

### લખો—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

तत्पुनर्द्विविधं कर्म कुशलरूपम कुशलरूपं च । यत्तत्र कुशलरूपं तत्पुण्यं धर्मश्चोच्यते । यत्पुनर कुशलरूपं तत्पापम धर्मश्चाभि धीयते । पुण्योदय जनितः सुखानुभवः पापोदय संपाद्यो दुःखानुभवः । तयोरेव पुण्य पापयोरनंत भेद भिन्नेन तारतम्येन संपद्यतेखल्वेषोऽधममध्यमोत्तमाद्यनन्त भेदवर्तितया विचित्ररूपः संसार विस्तार इति ॥

उपमिति भवप्रपंचा कथा.

पुस्तक २४ मुं. { वीर संवत् २४६२. श्रावण, आत्मसंवत् ३१. } अंक १ लो.

ॐ

## " मंगल–प्रार्थना. "

( १ )

**श्रीसिद्धचक्र–आराधन.**

અરિહંત સિદ્ધસૂરિશ વાચક સાધુ વૃંદ સહર્ષથી,
વળી નાણ દંસણ ચરણ તપ આરાધીએ ઉત્કર્ષથી;
એ ગુણી ગુણનું યંત્ર અનુપમ **સિદ્ધચક્ર**પદાવલી,
મંગલ નિમિત્તે પ્રથમ નમીએ ભ્રાત ! સહુ સાથે મલી.

**श्री गुरुदेव–वंदन.** (२)

સમજ્યા વિના સંસારની ઘટમાળના ઉંડાણમાં,
રઝળ્યો અરે ! સુખ લાલચે ઉન્માર્ગિ માયા ખાણમાં;
ગુરૂદેવ **આતમરામનો** ઉપદેશ અક્ષર દેહથી,
સહજે મળ્યો સન્માર્ગ બોધક ચરણ વંદન તેહથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**आशिर–आनन्द.** (૩)

ઉદાર ગ્રાહક સાથ સમ્પાદક તણા સુ પ્રયાસથી,
શ્રી **આત્માનંદ** પ્રકાશ પ્રકટે પ્રતિ માસ વિકાસથી;
આશિર અમૃત સાર મંગલ માલિ સંસ્કૃત સૂકતની,
સ્નેહે સમર્પૂં આજ સોહે કંઠે જૈન સમાજની.

**વેલચંદ ધનજી.**

# नूतन वर्षनुं मंगलमय विधान.

## प्रवेश.

આધ્યાત્મિક શરીરની યુવાનીને આંગણે લગભગ આવી પહોંચેલું અને પત્ર જીવનના રૌપ્ય મહોત્સવની નજીકમાં રાહ જોતું આત્માનંદ પ્રકાશ આજના મંગલમય દિવસે ચોવીશમા વર્ષમાં પ્રવેશ કરે છે; સ્થૂળ શરીરની અવસ્થાઓ જેમ બાલ યુવાન અને પ્રૌઢરૂપે હોય છે તેમ પત્ર શરીરમાં રહેલું સાત્વિક જીવન એ તેના લેખોની યુવાવસ્થા છે. પ્રસ્તુત પત્રનું પ્રગતિમાન્ જીવન તેના આધ્યાત્મિક લેખોની વિદ્યુત્શક્તિના પ્રકાશ ઉપર નિર્ભર છે.

## वीरसंज्ञा.

આ પત્રના નૂતન વર્ષની અંકસંખ્યા ચરમશાસનાધિપતિ શ્રી મહાવીરના ચોવીશમા તીર્થંકરના–પ્રેરકબળ (motive power)ની સંજ્ઞા (term) સૂચવે છે. શ્રી વીરના અધિષ્ઠાયક દેવે અમારી આંતર (internal) શુભ અભિલાષાઓને તૃપ્ત કરવા જેવી રીતે બળ સમર્પ્યું છે તેવી રીતે હવે પછીના અમારા ભાવી મનોરથોને તે દેવ સફળ કરો એવું ઇચ્છી અમો તથા આ પત્રના લેખકો–જે તે મહાન્ દેવના હથીયાર માત્ર છીએ–પ્રસ્તુત વિઘ્ન વિદારક દેવનું પુણ્ય સ્મરણ કરી નૂતન વર્ષમાં નવીન અભિલાષાઓને પોષવા ઉદ્યુક્ત થઇએ છીએ.

## काळ अने जागृति.

અજ્ઞાનરૂપી અંધકારનો વિલય થતાં પ્રકાશમય જગતનું ભાન થાય છે. તે દિવ્ય જગત્માં જન્મ, જરા, મરણ, વ્યાધિ, દુ:ખ અને અવ્યવસ્થા આદિ કશુંજ નથી; ત્યાં સ્થળ અને કાળની મર્યાદાઓ તુટી પડેલી હોય છે. ત્રણે કાળ એકજ કાળમાં સમાઇ જાય છે; જ્યાં જૂનું–નવું થયા કરતું હોય ત્યાંજ કાળનો સંભવ છે. અને તેથીજ કાળની વ્યાખ્યા પણ આપણા શાસ્ત્રકારોએ એવા પ્રકારની આપી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે કે 'જે નવાનું જૂનું કરે છે' તે કાળ છે. વસ્તુસ્થિતિ આમ હોઇ જોકે બાહ્ય દ્રષ્ટિએ પ્રસ્તુત પત્રના વર્ષોની ગણત્રીદ્વારા સંતોષ માનવાનો છે. છતાં જૈનાગમના અનુભવ જ્ઞાનદ્વારા મનુષ્યોની લેખિનીમાં આવેલા અક્ષરો જે ત્રિકાલાબાધિત હોવાથી અક્ષર ( અવિનાશી ) નામ સાર્થક છે; તે મનુષ્યોના આત્માને મિથ્યા વાસનાઓમાંથી ઢંઢોળીને જાગૃત કરે છે અને તેમને મુક્તિના દિવ્ય માર્ગ ઉપર મુકે છે.

## अक्षर सामर्थ्य—

શ્રી જિનેશ્વરે નામ સ્થાપના–દ્રવ્ય અને ભાવ રૂપ ચાર નિક્ષેપાઓ વસ્તુસ્વરૂપ realisation ની પ્રાપ્તિ માટે નિવેદન કરેલાં જ્ઞાનની સ્થાપના એ અક્ષરો છે. અક્ષરોમાં વિદ્યુત્ કરતાં પણ અધિક સામર્થ્ય motive power હોય છે; અમુક અક્ષરો વાંચીને મનુષ્ય, ક્રોધ અને અભિમાનયુક્ત લાગણીવાળો બને છે; જ્યારે અમુક અક્ષરોના સામર્થ્યદ્વારા મનુષ્ય આધ્યાત્મિક શાંત પ્રકાશયુક્ત વાતાવરણવાળો બને છે. અને મૈત્રી–પ્રમોદ–કારૂણ્ય અને માધ્યસ્થાદિ ભાવનાઓને સંગ્રહે છે. પ્રસ્તુત પત્રદ્વારા યત્કિંચિત ગતવર્ષના સંસ્મરણમાં જે અક્ષર સામર્થ્ય વ્યક્ત થયેલું છે તેનો નિર્દેશ સંક્ષિપ્ત રીતે વાંચક વર્ગ પાસે કરવા પહેલાં ગતવર્ષની ઘટનાઓનું સિંહાવલોકન કરવું અસ્થાને નહિં ગણાય.

## संस्मरणो—

ગતવર્ષમાં શ્રીમાન્ પટ્ટણી સાહેબના પ્રમુખપણા નીચે મુંબઈમાં શ્રીમહાવીર વિદ્યાલયના મકાનનું દબદબા ભર્યા સમ્મેલન પૂર્વક ઉદ્ઘાટન એ જૈન સમાજને શુભ અભિમાન લેવાના કાર્યો પૈકીનું એક છે; પૂજ્યપાદ શ્રી વિજયવલ્લભસૂરિ એ વિદ્યાલયના ઉત્પાદક છે; જેના ઉત્તમ ફળો જૈન સમાજ નજીકના ભવિષ્યમાં જોઇ શકશે. પ્રસ્તુત વિદ્યાલય, પાલીતાણા શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ અને ગુજરાનવાળા શ્રી આત્માનંદ જૈન ગુરૂકુળ એ ત્રણે કેળવણીની સંસ્થાઓ જેમ સુદઢ થતી જશે, તેમ તેમ જૈન સમાજના મૂલ ભૂત કેળવણી જીવનના પાયા મજબૂત થતા જશે. મુનિરાજ શ્રી લલિતવિજયજીના અધ્યક્ષપણા નીચે વીલેપારલે સેનેટરીયમ ગત વર્ષમાં ખુલ્લું મૂકાયું એ જૈન સમાજની જમાનાને અનુકુળ આરોગ્ય વર્ધક કાર્ય કરનારી દિશાનું માપ સૂચવે છે. લગ્નસરામાં પાટણમાં શેઠ નગીનદાસ કરમચંદ તરફથી ઉજમણું તથા કુમારપાળ રાજાના પૂર્વજન્મના ચરિત્રની ઘટનાઓવાળા બીજા આકર્ષક દેખાવો એ લગ્ન પ્રસંગમાં ધાર્મિક કાર્યો કરવાનું જૈન પ્રજાનું શુભ વલણ સૂચવે છે. જેસલમેરમાં પ્રાચીન જૈનાગમોદ્ધારક કમીટી નીમાએલી છે. તે અત્યાર સુધી હસ્તીમાં નહિ આવેલા જૈનાગમોનો ઉદ્ધાર નજીકમાં કરશે એવી આગાહી ઉત્પન્ન થઇ છે. આ સિવાય ભાવનગરમાં શ્રી વૃદ્ધિચંદજી મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠા, વીજાપુરમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બુદ્ધિસાગરજી આચાર્યની મૂર્તિનો દબદબા ભર્યો પ્રતિષ્ઠા પ્રસંગ,તેમજ બિનૌલીમાં શ્રી વિજયવલ્લભસૂરિના હસ્તક અંજનશલાકા અને પ્રતિષ્ઠા મહોત્સવો ગતવર્ષના ખાસ સંસ્મરણો છે.

અમદાવાદમાં શેઠ જેસંગભાઇ જેવા ગર્ભશ્રીમંતે દીક્ષા લઇ જ્ઞાન ગર્ભિત વૈરાગ્યનો અપૂર્વ દાખલો ગત વર્ષમાં પૂરો પાડયો છે. તેમજ મહાવીર વિદ્યાલયને એક લાખની રકમ આપનાર એકજ વ્યક્તિ શેઠ વાડીલાલ સારાભાઇએ જૈન સમાજનું વલણ કેળવણીના કાર્યક્ષેત્ર તરફ કેટલા પ્રમાણમાં વળેલું છે તે સ્પષ્ટ રીતે બતાવી આપ્યું છે. મહુવામાં ભાવનગર પ્રજા પરિષદ્ અને પ્રાણીસંરક્ષક પરિષદ્ ગતવર્ષમાં સફળ થયેલી છે. તેમજ તળાજા રેલવે ખુલ્લી મુકાયાથી શ્રીશત્રુંજય-ગિરિની ટુંક તાલધ્વજગિરિની યાત્રા સુગમ અને સરળ થઇ છે.

## समाजबल—

હજી જૈનબેંક, યુનિવર્સિટી, વિજ્ઞાન મંદિરો, વિદ્યાલયો અને ગુરૂકુળની જૈન સમાજમાં ઘણી ઉણપો છે. હજુ જૈનસમાજનું કાર્યક્ષેત્ર વરઘોડાઓ અને આડંબરોમાં મોટે ભાગે સમાપ્ત થઇ જાય છે; કોઇ કોઇ વ્યક્તિઓનો પ્રકાશ કેળવણીના કાર્યક્ષેત્રમાં પડે છે પણ હજી મોટા સમાજમાં જ્યાં સુધી તે સંબંધમાં તાલાવેલી લાગી નથી ત્યાં સુધી કેળવણીનું કાર્ય ક્ષેત્ર અપૂર્ણજ ગણાશે.

વડી ધારાસભામાં જૈન સમાજના ફક્ત એકજ મેંબર શેઠ કસ્તુરભાઇ લાલભાઇ છે બીજા નથી, તે જૈન સમાજને માટે ઓછું શરમાવનારૂં નથી. બેરીસ્ટરો અને સોલીસીટરો જે થોડા ઘણા છે તે સમાજસેવામાં નહિં રોકાતાં હજી પોતાની ઉદરપૂર્તિમાંજ મોટે ભાગે જીવન ધકેલ્યા જાય છે એ પણ હજી ખેદનો વિષય છે; વસ્તુસ્થિતિ આમ હોઇ શ્રી શત્રુંજય કેસમાં આપણી પાસે ધારાસભાનું અથવા સરકારી ઉચ્ચ અધિકારોનું બળ લગભગ નહિ જેવું હોવાથી આપણને અન્યાય મળવાનો પ્રસંગ ઉપસ્થિત થવામાં એક મુખ્ય અને કારણભૂત તત્વ છે.

## श्री सिद्धाचलजी अने असहकार·

ગતવર્ષમાં શ્રી સિદ્ધાચળજી માટેનો ૪૦ વર્ષનો પટ્ટો પુરો થઈ જવાને અંગે રખોપા અને રકમ બાબતનો નિર્ણય કરવા હિંદુસ્તાનના સકળ સંઘ તરફથી સાત ગૃહસ્થોની કમીટી નીમવામાં આવી હતી. ત્યાર પછી તેમના સંપૂર્ણ અને સ્તુત્ય પ્રયાસ છતાં બ્રીટીશ સરકાર તરફથી વોટસન સાહેબે દશવર્ષની મુદત અને એક લાખ રૂપીયા લેવા સંબંધનો જે ફેસલો આપ્યો છે તેથી જૈન પ્રજાને ભારે ખેદ થયો છે; અને તે ખેદ શેઠ આણંદજી કલ્યાણજીએ સકળ સંઘના પ્રતિનિધિઓ દ્વારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમજ મુંબઇમાં જૈન કોન્ફરન્સ ભરીને સકળ સંઘે દૃઢતાપૂર્વક જાહેર કર્યો છે; શેઠ આણંદજી કલ્યાણજી તરફથી પણ સદરહુ ફેસલો નામંજુર રાખવાનું શ્રીમાન્ વાઈસરોય સાહેબને જણાવાઇ ચૂકયું છે. અને હાલ શત્રુંજય માટેનો અસહકાર સમગ્ર હિંદની પ્રજા તરફથી ચાલુ થઈ ચુકયો છે. મુંબઇમાં જૈન સ્વયંસેવક પરિષદે પણ સદરહુ ઠરાવોમાં ઉત્સાહ પૂર્વક પૂર્તિ કરેલી છે તેમજ જૈન મહિલા સમાજે પણ સંપૂર્ણ અનુમોદન આપ્યું છે. આ રીતે શત્રુંજય માટે આવેલી ગુંચવણનો પ્રતીકાર કરવા બાબુ બહાદુરસિંહજી સિંઘીના પ્રમુખપણા નીચે જૈન કોન્ફરન્સ સફળ થઇ છે. તે સાથે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી અને હિંદના બીજા જૈન વર્ગનો મતભેદ પણ દૂર થઇ સમગ્ર એકતાનો અવાજ નીકળ્યો છે એ પણ ખુશી થવા જેવું છે. અધિષ્ટાયક દેવની પાસે પ્રાર્થના છે કે શ્રી શત્રુંજય સંબંધમાં જૈનોના સ્વમાન પૂર્વક તીર્થરક્ષણના સવાલનો નીકાલ વહેલામાં વહેલો થઇ જાય અને તીર્થયાત્રા સમગ્ર રીતે નિર્વિઘ્ન પણે થઈ શકે તેવો પ્રસંગ પ્રાપ્ત કરાવવા બ્રિટીશ સરકાર તેમજ શ્રી પાલીતાણા દરબારને સદ્‌બુદ્ધિ આપે.

## जैन समाजने पडेली खोट.

ગતવર્ષમાં ચારિત્ર સંપન્ન અને મહાન્ તપસ્વી સાધુવીર ઉપાધ્યાયજી સોહનવિજયજીનો સ્વર્ગવાસ તેમજ જૈન કોમના બે આગેવાનો રા. હીરાલાલ બકોરભાઇ તથા શેઠ નરોત્તમદાસ ભાણજીના સદ્‌ગત થવાથી જૈન કોમને ન પૂરાય તેવી ખોટ આવી છે. શેઠ નરોત્તમદાસ સરળ દાનવીર અને શાંતિ પ્રિય પુરૂષ હતા એઓના અમર આત્માને શાંતિ ઇચ્છી ગત વર્ષના લેખકો અને લેખની સમીક્ષા ઉપર આવીએ છીએ.

## लेखदर्शन.

ગતવર્ષમાં સોળ પદ્ય લેખો અને સુડતાલીશ ગદ્ય લેખો એકંદરે ત્રેસઠ લેખો ત્રણસોને ચાર પાનામાં આપવામાં આવેલ છે. રા. વેલચંદ ધનજીના ‘ મનોહર માનવદેહ ’ ‘ ઓંકાર સંગઠન ’ અને ‘ સિદ્ધચક્રારાધના ’ વિગેરે પદ્ય લેખોમાં મુખ્ય છે જેમાં તે તે વિષયનું સમર્થન કાવ્ય રૂપે સુંદરતાથી બતાવ્યું છે. તે સિવાય ‘ સ્નેહાંજલિ ’ નું કાવ્ય આચાર્ય શ્રી અજીતસાગરજીએ ઉપાધ્યાયજી સોહનવિજયજીના સૂક્ષ્મ આત્મા તરફ કરૂણારસથી ભરપૂર તેમજ આત્મિક જાગૃતિવાળું વિશિષ્ટ કવિત્વ દર્શાવનારૂં લખેલું છે. શ્રી વિજયલબ્ધિસૂરિનું શાંતિનાથ સ્તુતિ પદ્ય પણ પ્રશસ્ત અને સુંદર છે, આ સિવાય રા. કલ્યાણનું ‘ જીંદગીનું છેલ્લી ઘડીનું પ્રયાણ, ’ પી. એન. શાહનું ક્ષમાપનાવાળું કાવ્ય, ભાઇ ઝવેર છગનલાલનું એકજ પ્રભુવીર ’ નું કાવ્ય અને રા. માજનીનું ઉપદેશક પદ એ સર્વ કાવ્યો જૈન સૃષ્ટિમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુંદર પુષ્પોની સુગંધ વેરે છે અને વાંચકોને સંસારના દુઃખોમાંથી ક્ષણભર આત્મ જાગૃતિ સમર્પે છે.

ગદ્ય લેખકોમાં મુનિરાજ શ્રી દર્શનવિજયજીનો 'વિશ્વરચના પ્રબંધ' સોળ નિવેદનો સાથે પૂર્ણ થાય છે; પ્રસ્તુત પ્રબંધમાં સર્વદર્શનોની પુષ્કળ નવીન હકીકતો તેમજ ગણિતાનુયોગનું દાર્શનિક સ્વરૂપ અને વર્તમાન ચારે ખંડોની અંદર રહેલી જડ ચેતન પદાર્થોની ઘણી ઘણી નવીનતાઓનો મુકાબલો જૈન દર્શનના દ્રવ્યાનુયોગ અને ગણિતાનુયોગ સાથે ઘણો પરિશ્રમ લઇને કરેલો છે જે અત્યંત ઉપકારક હોવાથી અમો તેને પુસ્તકાકારે જુદો છપાવવા પ્રયાસ કરવા પ્રસ્તુત પૂજ્ય મુનિરાજશ્રીને વિનંતિ કરીએ છીએ. તે સિવાય તેમનો એક લેખ 'મહાવીર પ્રભુને થયેલ ઘોર ઉપસર્ગ'નો છે જે કલ્પ સુબોધિકામાં આવેલ વીર પ્રસંગો કરતાં નૂતન પ્રકાશ પાડે છે; મુનિરાજ શ્રી ન્યાયવિજયજીના વાદિ શ્રી દેવસૂરિ તથા હરિભદ્રસૂરિ અને અપૂર્વદાનના લેખો સુંદર શૈલિથી નિરૂપણ થયેલા છે અને ઐતિહાસિક (Historical) પ્રકાશ સાથે પ્રાચીન મહાત્માઓનું ઓજસ્ (Aura) દષ્ટિસમીપ ખડું કરે છે; રા. વીઠ્ઠલદાસ મુળચંદના સદાચાર અને સત્ક્રિયા તેમજ ગાર્હસ્થ્ય જીવન વિગેરે લેખો લગભગ આઠ અંકોમાં આવેલાં છે જે નૈતિક દષ્ટિએ ગૃહસ્થને માટે અત્યંત ઉપયોગી છે. રા. વલ્લભદાસ ત્રિભુવનદાસ જે કે આ સભાના સેક્રેટરી છે તેમના ધર્મરત્નને યોગ્ય કોણ હોઈ શકે? વિરોધશમન વિગેરે પાંચ લેખો સન્માર્ગદર્શક અને ઉપયોગી હોવા સાથે જૈન સમાજને સુંદર આધ્યાત્મિક અને શાંતિપ્રિય ખોરાક પુરો પાડે છે. રા. નરોત્તમ બી. શાહની સમાજસેવા વિગેરે બે લેખો જૈન સમાજમાં સેવા ભાવનાની રૂચિ ઉત્પન્ન કરવા માટેના સુંદર રીતે લખાયલા છે. રા. ફત્તેહચંદ ઝવેરભાઇનું 'પ્રાસંગિક સ્ફુરણ' પણ પ્રશસ્ય અને બોધક છે. આ સિવાય એક જૈનના સ્વાધ્યાય, સંસારી યોગીઓ અને વિક્રમ રાજાની પરોપકારવૃત્તિના લેખો નવીન ઐતિહાસિક તેમજ આધ્યાત્મિક (Spiritual) ક્ષેત્રમાં સારો પ્રકાશ સમર્પે છે. તદુપરાંત પ્રાચીન ગુફાઓનો રા. મોહનલાલ ડી. ચોકસીનો લેખ અને રા. અમૃતલાલ માવજીનો આત્મબળની આવશ્યક્તાનો લેખ સુંદર અને શોધક વૃત્તિથી લખાયલા છે; ઐતિહાસિક શિક્ષણોના લેખમાં નવાંગી ટીકાકાર શ્રીમાન્ અભયદેવસૂરિનું વૃત્તાંત બહુ સુંદર શૈલિથી સમજાવેલું છે. રા. ઉત્તમચંદ ઝવેરીનો 'શ્રદ્ધા' નામક લેખ રા. ડાહ્યાભાઈ દેશાઇનો 'મનનો ફ્રેબ' નો લેખ આ સર્વ લેખો પ્રશંસા પાત્ર હોઈ અમો વિશેષ તેને માટે લખીએ તે કરતાં વાચકવર્ગની ગુણગ્રાહકતા ઉપર છોડી દઇએ છીએ. આ સિવાય ગ્રંથાવલોકન અને વર્તમાન સમાચારના તમામ લેખો સેક્રેટરી તરફથી લખાયેલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે અને પીઠપૃષ્ટ ઉપર રા. કાલેલકર, અરવિંદઘોષ વિગેરેના પ્રવચનો લગભગ દશ માસિકોમાં આપવામાં આવેલા છે. મુખપૃષ્ઠનું માગધી ભાષાનું નિવેદન શ્રી મહાવીરે ગૌતમસ્વામીને વાસનાઓ ઉપર જય મેળવવા માટે ધર્મ એજ જગત્માં શ્રેષ્ઠ છે એમ ઉદ્‌ઘોષણા દ્વારા ભવિષ્યકાળના જગત્‌ને સંદેશ પાઠવ્યો છે.

## नम्र सूचना.

પ્રસ્તુત પ્રસંગે એક હકીકત ખાસ નિવેદન કરવાની છે તે એ છે કે જૈનદર્શન અનુસારે જગત્ એ તેના કર્તાની પેદાશ નહીં હોવાથી તેણે કુદરતના કાયદાઓનો ખાસ સ્વીકાર કરેલો છે અને આધુનિક વિજ્ઞાન શાસ્ત્ર ( science ) પણ કુદરતના નિયમાનુસાર શોધખોળમાં આગળ વધે છે; જો જૈન સમાજનું લક્ષ્ય આધુનિક વિજ્ઞાનશાસ્ત્ર સાથેના વિશેષ પરિચયમાં આવવા માટે વિજ્ઞાનમંદિરો સ્થાપન કરવા દોરાય તો જૈન દર્શનના મૂલભુત તત્વો આધુનિક જગત્‌ને સરલતાથી બતાવી શકાય અને પ્રો૦ જગદીશચંદ્ર બોઝ કે જેઓએ વનસ્પતિ શાસ્ત્રનો બારીક અભ્યાસ કરી તેની ઉપર પ્રયોગદ્વારા લાગણીઓ સિદ્ધ કરી ‘ ચૈતન્યવંત ’ તરીકે સાબીત કર્યું છે તેવાઓને મદદગાર થઇ શકાય. તેમજ અન્યદર્શનીઓએ જૈન દર્શનપરત્વે બતાવેલા વિચારો કે જે પુસ્તક કે લેખ રૂપે હોય છે તેમાં જ્યાં જ્યાં સ્ખલના જણાય તે સુધારવા માટે જૈન વિદ્વાનોની એક કમીટી પણ હોવી જોઇએ એમ અમારી માન્યતા સપ્રસંગ જણાવવાની રજા લઇએ છીએ.

## भावना.

નવીન વર્ષમાં આ સભાના પચ્ચીશ વર્ષ પૂર્ણ થઇગયેલા હોવાના અંગે રૌપ્ય મહોત્સવ ( Silver Jubillee ) ની તૈયારી માટે અભિલાષા રાખીએ છીએ. તે સાથે નવીન ગ્રંથ સમૃદ્ધિ ‘ વસુદેવ હિંડી ’ જેવા અપૂર્વ ગ્રંથનું પ્રકાશન, સ્કોલરશીપો, ગુરૂભક્તિ, સાહિત્ય પ્રચાર, સમાજસેવા વિગેરે જે જે નવીન આત્માના ઉત્કર્ષને વધારનારાં કાર્યો ગણાય તે બની શકે તેવી રીતે કર્તવ્ય ઉચિત માન્યાં છે. તે સાથે અમારી અપૂર્ણતાનું ભાન અમોને દૃષ્ટિ સમીપ નથી એમ નથીજ; તે દૃષ્ટિબિંદુને સાથે રાખીને પ્રગતિની ઇચ્છા રાખેલી છે; અધિષ્ઠાયક દેવ અમારી એ ભાવનાઓ સત્વર પારપાડો તેમ ઇચ્છીએ છીએ.

## श्रंतिम पुराय प्रार्थना.

ઉપસંહારમાં શ્રી શત્રુંજયના અધિષ્ઠાયક દેવ કપર્દી યક્ષ અને શ્રી ચક્રેશ્વરી દેવીને આધ્યાત્મિક ઉચ્ચ સ્વરે પ્રાર્થીએ છીએ કે શ્રી શત્રુંજયગિરિની યાત્રા સંબંધી ગુંચવણો ના. દરબાર અને સરકારને સદ્‌બુદ્ધિ આપી જૈનોના સ્વમાન પૂર્વક નિર્વિઘ્ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણે શીઘ્ર ઉકેલે અને તે સાથે શ્રી વીરના અધિષ્ઠાયક ગજવાહન માતંગ યક્ષને પ્રાર્થના કરીએ છીએ કે પ્રસ્તુત પત્રના લેખકો અને વાંચકોમાં શાંતિ પ્રસારી અપૂર્વ સાહિત્ય નીપજાવવા પ્રેરક બની વાંચક વર્ગને જડ ચેતનનો વિવેક પ્રાપ્ત કરાવી સદાગમદ્વારા સંતોષપૂર્વક નિર્વૃત્તિનગરી તરફ પ્રયાણના માર્ગ ઉપર મુકે એ મંગલમય ભાવના સાથે પૂજ્યપાદ શ્રી હેમચંદ્રાચાર્યનો નીચેનો સ્તુતિ-શ્લોક સાદર કરી વિરમીએ છીએ.

**पान्तु वः श्री महावीरस्वामिनो देशना गिरः ।**
**भव्यानामान्तरमल प्रक्षालनजलोपमाः ॥**

**ॐ शांतिः**

## " વીર-વંદન "

( રાગ—કલ્યાણ )

વંદન કરૂં શીશ નામી વીર જીનેશ્વરા,
દીન દયાળ, જગતપાળ, જગત ઇશ્વરા. એ ટેક.
ત્રિશલાનંદન, જગદાનંદન, સુત સિદ્ધારથ કેશરી લંછન,
આંજવા આપ તું અમૃત અંજન અંધ આંખમાં નાથ નિરંજન........વંદન.
બાલ્યવયે મેરૂ કંપાવી, યુદ્ધમાં સુરનર લોક હરાવી,
વિજય પતાકા જગ ફરકાવી, નામ મહાવીર દીધું દીપાવી........વંદન.
અહિંસા, તપ, સંયમનો રસિયો, અણમુલ રત્ન નિધાનનો દરિયો,
અજીત અમર શિવરમણી વરિયો, અમ ઉર મંદિરમાં તું વસિયો.......વંદન.
સિદ્ધાયિકા મંગળ ગુણ ગાવે, માતંગ સુરનર સાથે આવે,
દ્રવ્ય ભાવથી પૂજે નાચે, તલ્લીન થઇ જય નાદ પૂકારે........વંદન.
શાન્તિકર, દુઃખહર, સુખકારી, સૌમ્ય તુજ દર્શન અવિકારી,
'સ્યાદ્વાદ' વ્યાપો મહીં ભારી, સહકાર તણી એ અણમુલ ચાવી........વંદન.
ધર્મ ધુરંધર, ધર્મ પ્રકાશક, બુદ્ધિ પ્રેરક, તિમિર વિનાશક,
વિપુલ મતિ તું આપ ઉદ્ધારક, ધર્મ ધ્યાન ધરવા જગતારક........વંદન.
જીન જય કારી, તું મનરંજન, તું જગજીવન, તું અવલંબન,
પ્રણયથી પ્રણમું ભવભય ભંજન, બે કરજોડી, વાહ વીર વંદન. ....વંદન....

**( રચનારઃ—મણીલાલ માણેકચંદ શાહ, મુ. મહુધા )**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિશ્વરચના પ્રબંધ.

## परिशिष्ट १ लुं.

## પુદ્ગલોનું પુરણગલન.

( ગતાંક પૃષ્ટ ૨૮૫ થી શરૂ )

### क—વસ્તુના નાશ કેમ થાય છે ?

આપણે કહીએ છીએ કે વસ્તુનો નાશ થાય છે, પરંતુ નાશ થવો એટલે શું ? તે એકદમ સમજવું કઠિન છે. આપણે નજરે જોયેલ ઝાડના પાંદડા, કાગળના ટુકડા કેટલેક કાળે નાશ પામે છે. પણ તે નષ્ટ થાય છે એટલે એક સાથે લુપ્ત થાય છે એમ નથી પણ તેઓ અન્ય આકારે પૃથ્વીમાંજ રહે છે. તે કેવી રીતે રહે છે તે સમજાવું છું.

ચોમાસામાં નદી નાળાં સરોવરો વૃષ્ટિ જળથી પરિપૂર્ણ ભરાઈ જાય છે. પરંતુ અત્યારે ગ્રીષ્મ કાળે આ પાણી ક્યાં ગયું એમ પ્રશ્ન થશે. પણ તેજ પાણી સૂર્યના તાપે વરાળ રૂપે બની આકાશમાં મેઘસ્થાનમાં જોડાયું છે. ને ચોમાસામાં તે મેઘનાં જલરૂપે પાછું અહીં આવશે. બરફ ગળવાથી પાણી અને પાણીનું બાષ્પ બને છે. આમા કાંઇ પણ નષ્ટ થતુંજ નથી.

આપણે ધાન્યમાંથી ચાવલ કાઢી ખાઇએ છીએ તેમાં ધાન્ય નાશ પામે છે. પરન્તુ તે હાલમાં રૂપાન્તરે અમારા શરીરની પુષ્ટિનું સાધન બનેલ છે.

વૃક્ષના પાંદડાં માટી પર પડી બે ચાર દિવસ પછી નાશ પામે છે. વિચાર થશે કે તે પાંદડા ક્યાં ગયા હશે ? પણ સમજી શકાય છે કે-તે પાંદડા પ્રકારાંતરે ઝાડમાંજ ગયા છે. પાંદડાનો નાશ થતાં તેમાંથી બાષ્પીય જલીય અને કઠિન એમ ત્રણ વસ્તુ ઉત્પન્ન થાય છે. તેમાંથી બાષ્પીય પદાર્થ હવામાં મળી વૃક્ષના પાંદડાની સહાયમાં તત્પર બને છે. જલીય પદાર્થ નીચેની માટીને ભીંજવે છે અથવા હવામાં સુકાઇ જાય છે. ને કેટલોક તે વૃક્ષના કામમાં આવે છે.

માટી પર રહેલ કઠિન અંશ પણ ચોમાસામાં પાણીમાં મળી તે વૃક્ષની વૃદ્ધિમાં પોતાના અવયવને જોડી દે છે–આ પ્રમાણે નાશ પામતા પાંદડાની ત્રણે વસ્તુ નવા પાંદડાની સુંદર બનાવટમાં સાધનરૂપ બની જાય છે.

આજ રીતે જોઇ શકાય છે કે પ્રકૃતિમાં અનેક વસ્તુઓ ભિન્ન ભિન્ન આકાર ધારણ કરે છે. જેમ એકજ વ્યક્તિ જુદી જુદી રીતે તૈયાર બની રંગભૂમિમાં અનેક જાતના અભિનય કરે છે. તેમજ દરેક વસ્તુ કુદરતી વિવિધ રૂપમાં જુદા જુદા કામ કર્યા કરે છે. કોઈ વસ્તુ નકામી નથી અને કોઇ વસ્તુનો નાશ પણ થતો નથી.

**શ્રી ઇંદ્રનારાયણ મુખોપાધ્યાય.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ख--ભેદ સૂક્ષ્મતા.

પ્રથમ મી૦ ડાલ્ટન સાહેબે સૃષ્ટિની ઉત્પત્તિ માટે પાંચ મહાતત્વોને પદભ્રષ્ટ કરી મૂળ ઑક્સિજન વિગેરે ૯૦ પદાર્થો હોવાનું બ્રહ્મવાકય ઉચ્ચાર્યું. ફ્રેંચ તત્વશોધક કુરી તથા તેની સ્ત્રીએ રેડિયમ, થોરીયમ, યુરેનિયમ, વિગેરે ધાતુમાંથી સૂક્ષ્માતિસૂક્ષ્મ પરમાણુ ભાગવાળા ઇલૅક્ટ્રોનની શોધ કરી, મી. રદરફોર્ટ, મી. સ્ટોમ્સ, અને મી. સડીએ હમણાં સમસ્ત જગતની રચના અને નાશના હેતુ રૂપ અનંતાદિ તત્વવાળા આ ઇલેકટ્રોનની સાથે નાઇટન નામે ધાતુ હોવાનું સિદ્ધ કર્યું છે અને સૃષ્ટિના તત્વ દેવોના ચમત્કાર જોવાના વ્યસની સર વિલ્યમ રામસે રેડીયમમાંથી નાઇટન-અને નાઇટનને ઉષ્ણુતા આપી, તેમાંથી **હેલિયમની** શોધ કરી છે. આ રેડિયમની ગુપ્ત પ્રચંડ શક્તિ ક્ષય પામી, અતિ પરમાણુમાં બદલાઈ ઉષ્ણુતારૂપે વ્યક્ત થાય છે. આ પ્રચંડ શક્તિ સર્વમાં છે જેથી સ્થૂલ સૂક્ષ્મ રૂપે અને સૂક્ષ્મ સ્થૂળ રૂપે પરિણમે છે. એક ઘન સેંટીમીટર જગ્યાના નાઈટનનું હેલિયમમાં રૂપાંતર થતાં જે ઉષ્ણુતા છૂટે છે તે ચાલીશ લાખ ઘન-સેંટીમીટર હાઇડ્રૉજન વાયુને ઉત્પન્ન કરનાર ઉષ્ણુતા જેટલી છે-પછી સર વિલિયમ રામ્સે નાયટનને શુદ્ધ પાણીમાં નાખી હાઇડ્રોજન અને ઓકિસજનની સાથે રહેલા **નીઑન** તત્વની શોધ મેળવી છે. વળી ત્રાંબાના ઇટ્રોજન અને ઓકિસજનથી થયેલ કોપર નાઇટ્રેટ અને નાઇટનના સંયોગથી ઑગાન શોધ્યો અને શિલિકોન વિગેરે પદાર્થોમાંથી કાર્બનની ઉત્પત્તિ કરી છે.

હવે સર વિલીયમ રામ્સ, મી. રદરફર્ડ અને મેડમકુરી વિગેરેએ સૂક્ષ્મમાંથી નાયટન વિગેરે અને નાયટનમાંથી રેડીયમની ઉત્પત્તિ કરી, લોઢાનું સોનું બનાવવાનો અખતરો પ્રારંભ્યો છે. =પ્રાતઃકાળ ૧૩/૬ પારસમણી.

=प्रवासी ૨૨/૧/૪

## ग—સ્વરૂપ લક્ષણ.

અત્યારસુધી જે વ્યવહારમાં અવિભાજ્ય પરમાણું મનાતો હતો તે પણ અનંત સૂક્ષ્મ પરમાણુના સમૂહરૂપ છે અને હાઇડ્રોજન; ઓકિસજન, ઇલેકટ્રોન, નાયટન, હેલિયમ, નીઑન, ઑગાન, સિલોગોન, અને કાર્બન, વિગેરે તત્વના અણુઓ પણ સ્થૂલ પરમાણુની નજીકનાજ રૂપકો છે. એટલે તે દરેકમાં અનંત સૂક્ષ્મ પરમાણુઓ છે જ્યારે વિજ્ઞાનવિદ્દોને અડકીને રહેલ પાસે પાસેના પરમાણુમાં પૂર્ણીમાના સૂર્ય અને ચંદ્ર જેટલું આંતર દેખાશે ત્યારે તેના સર્વથા સૂક્ષ્મ પરમાણુનો ભેદ પણ તેઓના ખ્યાલમાં આવશે. રૂપ, રસ, ગન્ધ અને સ્પર્શ, એ પુદ્ગલોનું લક્ષણ છે જેથી અનેક રંગના પડવાળી પીપરમેંટની ટીકડીમાં જૂના રંગનો નાશ થતાં નવા નવા રંગો માલુમ પડે છે અથવા વાસણને ઘસતાં વિશેષ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણે ચળકાટ વ્યક્ત થાય છે તેમ પુદ્દગલોમાં વિવિધ રૂપ વિગેરેની વ્યક્તતા થાય છે. જેમ રેતીમાં પ્રવાહી દ્રવ્ય નથી તેથી તે પીસતાં કોઇ જાતનો રસ નીકળતો નથી પણ તેલમાં અવ્યક્ત તેલ છે તે પીલતાં તેલ બહાર નીકળે છે. અરણીમાં અવ્યકત અગ્નિ છે તે ઘર્ષણ થતાં બહાર નીકળે છે, તેમ દરેક પુદ્દગલ પરમાણુમાં અવ્યકત, અકલ્પ્યપણે **રૂપ** વિગેરે રહેલા છે અને તે તેમાં વ્યક્ત થતાં આપણી બુદ્ધિમાં અસ્તિત્વનું જ્ઞાન થાય છે અને જો એમ પ્રત્યેક સૂક્ષ્મ પરમાણુમાં રૂપ, રસ, ગંધ, અને સ્પર્શ ન હોય તો અનેક પ્રકારનો વિરોધ ઉભો થાય છે.

ઉદાહરણ—**૧ રૂપ.** તેલવાળું કપડું સાબુના સ્પર્શથી લાલ થાય છે. તે લાલાશ કયાંથી આવી? **૨ રસ.** ઘાસ, આંચળ, દુધ, ફટકડી, કે ઉષ્ણુતામાં ખટાશ નથી છતાં ફટકડી કે બીજા સંયોગોથી થયેલ દહીંમાં ખટાશ કયાંથી આવી? પોપૈયા ઝાડનું આદિ તત્વ **બી** કડવું છે, મૂળ, થડ, ખાતર, પાણી વિગેરે મીઠાશ વગરના છે; છતાં પોપૈયા ફળમાં ગળાશ કયાંથી આવી? **૩ ગંધ.** ચુનો અને નવસાર મેળવવાથી વાસ છુટે છે. વસ્તુના સોડને ચાર છ દિવસ રાખવાથી વાસ છુટે છે આ વાસ કયાંથી આવી?

**૪ સ્પર્શ**—ચકમક પત્થર અગ્નિ ખેરવે છે, ચુનાના ગાંગડામાં કે સોડામાં પાણી નાખતાં ગરમી છુટે છે, આ ઉષ્ણુતા કયાંથી આવી? જુવાન કે વૃદ્ધના કઠિન કે કર્કશ હાડકાનું મૂળ બાલ્યાવસ્થાનું કોમળ હાડકું છે અને તેને આહાર પાણી અને વાયુ પણ કોમળ મળે છે છતાં આ કર્કશતા. કઠિનતા કયાંથી આવી?

× × × ×

સખ્ત વાસવાળા **એમોનીયા** ગેસનું મૂળ ગેસવાસ રહિત હાઇડ્રોજન છે તો તે વાસ કયાંથી આવી? ત્રાંબુ અને જસતના મિશ્રણમાં કાંઇ વાસ ઉત્પન્ન થાય છે તેનું મૂળ શું? —સત્ય ૨/ ૯ થી ૧૧

× × × ×

**ઘ—ભૂતયોનિના સૂક્ષ્મ દેહાણું.**

સાઇટીકલરીચર્સ સભાના સભાસદો ગામઠી ભૂતને માનતા નથી પણ સુધરેલા ભૂતને માને છે. મી૦ રીચેટે ઇટાલીયન મીસ લીંટાગેઝેરાના ભૂતોના ફોટા પડયા છે તેની છબીઓ કાચ ધાતુની પુતળીની છબી જેવી છે. ભૂત લીંગને માટે કેળવાએલી આંખો જોઇએ છે. —સત્ય ૨, પાનું ૫૨૪.

× × × ×

**ઙ—વરખનું માપ.**

એક ઇંચમાં ૨૮૨૦૦૦ વરખના પતરાં સમાય છે.

કેળવણી ૨૭/૧/ પાને ૨૨,
ઓગસ્ટ સને ૧૯૧૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવ, મન અને ઈંદ્રિઓના સંલાપરૂપ કથા.

હે ભવ્યજનો ! જીવ, મન અને ઇંદ્રિયોના સંલાપરૂપ આ કથા વાંચતાં, વિચારતાં કુમતિ ભાગી છુટે છે, પાપમલનો નાશ થાય છે, અત્યંત વિશુદ્ધ વાસના -ભાવના જાગ્રત થાય છે, મોહરૂપ વિષ દૂર થાય છે. વિષયની વિષમ વાસના તૂટી જાય છે, હૃદયમાં વિવેક–ધર્મગુણ પ્રગટ થાય અને જેથી પ્રશમ ગુણમાં આદર ઉત્પન્ન થાય છે.

**કથા.** લાવણ્ય–લક્ષ્મીના સ્થાનરૂપ દેહનામે પાટણ ( નગર ) છે જે ક્ષુધા, તૃષા, સુખ, દુ:ખ, હર્ષ અને શોક પ્રમુખ પ્રજાજન સહિત છે, વળી જ્યાં વિવિધ નાડીરૂપ માર્ગમાં સંચરનાર પવનરૂપ રખવાલ ( કોટવાલ ) છે. જ્યાં ઘણા ધર્મનો પ્રગટ મહિમા છે અને નવ દ્વાર જ્યાં સુપ્રતિષ્ટિત છે. ત્યાં **આત્મા** નામે રાજા કે જે બુદ્ધિરૂપ મહારાણી સાથે વિવિધ ભોગ–ઉપભોગમાં આસક્ત થઈને નિરંતર રાજ્ય ચલાવે છે. તેનો મનરૂપ મહામંત્રી કે જેને તે પોતાની તુલ્ય માને છે. તે મહાકૌશલ–ચાતુર્યના ભાજનરૂપ, વિસ્તૃત કીર્ત્તિયુક્ત અને રાજ્યના કાર્યો બજાવવામાં પરાયણ છે. વળી પ્રગટ ગુણયુક્ત સ્પર્શ, રસ, ઘ્રાણ, લોચન અને શ્રવણ એ પાંચ ઇંદ્રિયોરૂપ, એ મંત્રીના પાંચ **પ્રધાનજનો** છે.

હવે એકદા અવસર મેળવી, પોતાના પરિવાર સહિત મંત્રી, બે હાથ જોડીને આત્માને કહેવા લાગ્યો કે—' અજ્ઞાન તે કોટિ જીવોને ઘસડીને ઘણા દુ:ખમાં નાખી દે છે. એ દુષ્ટ એક પોતાના જીવિતને માટે આમ કરે છે. તેથી જાણે એ વજ્રથી ઘડાયેલ હોય તેમ લાગે છે. ' એમ સાંભળતાં આત્મા ખેદથી ભોજન ન કરતાં તરત ગુસ્સો લાવીને કહેવા લાગ્યો—' હે મન–મંત્રી ! મારા પ્રસાદથી તું મદોન્મત્ત બની ગયો છે અને પોતાની યોગ્યતાને જાણતો નથી, કે જેથી તું મૂઢ બીજાના પર અદેખાઇ લાવે છે. વિવિધ આરંભ અને અબ્રહ્મ સેવનાર તું કયાં અને જીવ–રક્ષા કયાં ? લોચનહીન પુરૂષ તો રત્નની પરીક્ષા કરવાને શું સમર્થ થઇ શકે ? જે પંચ મહાવ્રત ધારણ કરે છે, જે દુષ્કર તપ તપે છે, જે નિર્મળ ચારિત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાળે છે અને જે જીવોની રક્ષા માટે ઉપદેશ આપે છે તેવા મુનિઓને પ્રણામ કરવા તે યુક્ત છે. વળી હે જડ ! તું જે બોલે છે, તે મને અયુક્ત લાગે છે. વળી હે નિર્લક્ષણ મન ! ઉંટના પગે શું નૂપુર શોભે ? તું ચપલ–શિરોમણિ અને વિષયાસક્ત છે, નિ:સત્ત્વ અને અવિવેકી છે. હે મન ! તું જે કાંઈ દુષ્કર્મ કરે છે, તેના યોગે હું ભવોભવ અનેક પ્રકારની વિડંબના પામું છું.' ત્યારે મન કહેવા લાગ્યું– 'હે ગુણોત્તમ સ્વામિન્ ! તમારા પ્રસાદથી હું મોટા મનોરથ જો કરૂં તો તમે મને શા માટે અટકાવો છો ? માટે હવે પ્રસાદ લાવીને મને કાંઈ વ્યવસાય બતાવો; કારણ કે હું અનેક અનર્થ નીપજે તેવું કંઈ કામ કરતો નથી, અને એ વાત ખોટી પણ નથી; કારણકે સ્પર્શન પ્રમુખ પાંચ મારા નિયોગી જન છે, તે મદોન્મત્ત અને નિરંકુશ હસ્તીની જેમ અયુક્ત કાર્ય કરે છે. તો એ કુપ્રધાનોને ફેડીને તેના સ્થાને મને બીજા નિયુક્ત પુરૂષ આપો. હે સ્વામિન્ ! જુઓ, એ શલ્યરૂપ છે અને નિરંતર અનેક અનર્થ પ્રગટાવે છે.'

એવામાં સ્પર્શનેંદ્રિયે કહ્યું–" હું એક સમગ્ર શરીરને રૂંધી બેઠી છું. અહીં બીજી ઇંદ્રિયોમાં તપાસતાં એક મન સમાન બીજું કોઇ પ્રેરક નથી એ ગમ્ય કે અગમ્ય કંઈ ગણતું નથી, કિલષ્ટ અબ્રહ્મની અભિલાષા કરે છે, સ્વદારા છતાં એ વેશ્યાની ઇચ્છા કરાવે છે. પરસ્ત્રી ગમનનાં દુ:ખ ઉપજાવે છે. શિશિરઋતુમાં એ [1]નિર્વાત સ્થાન, ઘરમાં અગ્નિની સગડી, સુગંધી દ્રવ્ય, તેલ તથા બહુ વસ્ત્રની સગવડ કરે છે અને ગ્રીષ્મઋતુમાં હે નાથ ! એ ચંદન–લેપ, પુષ્પો, જલાવગાહ અને કુવારા આગળ બેસવાની ઇચ્છા કરે છે, વળી વર્ષાઋતુમાં જળ અને કાદવના પ્રસંગરહિત અછિદ્ર ભવનતલને એ શોધે છે, એમ વિવિધ વિષયોની ઇચ્છા કરતાં પણ એ કદિ સ્પર્શનેંદ્રિયથી તૃપ્તિ પામતું નથી. બુધજનો એના દુશ્ચરિત્રની ભારે નિંદા કરે છે. હે સ્વામિન્ ! એના આવાં કર્મોને લીધે અનેક જન્મોમાં તમે પીડા પામ્યા અને વિડંબના સહન કરો છો. તેમ ભક્ષ્યાભક્ષ્યના વિવેક વિના મૂઢ બનેલ રસ–વિષયની ગૃદ્ધિરૂપ દોલા (હીંચોળા) પર આરૂઢ થયેલ તથા પેય–અપેય વસ્તુનો વિચાર ન કરનાર રસના પણ અનેક અનર્થ ઉપજાવે છે. કારણ કે વનમાં સંચરતા કંઈપણ અપરાધ ન કરતા, તૃણ અને સલિલ (જળ) માત્રથી મનમાં સંતુષ્ટ થનારા તથા જરાપણ ખડખડાટ સાંભળતાં ભયભીત બનતા એવા હરિણ, શશલા, સંબર, વરાહ વિગેરે નિરાધાર પ્રાણીઓને, નિરંતર મજબુત અશ્વો દોડાવી, હાથમાં ભાલા ધનુષ્ય અને બાણ ધારણ કરી તથા પોતાના પ્રાણોને પણ સંશયમાં નાંખીને પણ કેટલાક નિર્દય જનો શિકારમાં પ્રવર્તતાં મારી નાખે છે, કેટલાક નિષ્કરૂણ બનીને સમુદ્રના ગંભીર જળમાં વિચરતા મત્સ્યોને હણે છે. વળી ક્રૂર બનેલા કેટલાક જનો, નિર્દોષ, લાવરી, તીતર, દહિક અને મયૂરની ગરદન

૧ હવા વગરતું સ્થાન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મરડે છે; હે સ્વામિન્! દુષ્કૃતથી કલુષિત રસનાના એ વિલાસો તમારી આગળ કેટલા કહી બતાવું ? કે જે અત્યંત નિપુણ પુરૂષ, સેંકડો વરસે પણ કોઇરીતે પૂરા કહી ન શકે. વળી વિવેક રહિત ઘ્રાણેંદ્રિય, બધી સુગંધિ વસ્તુને ઇચ્છે છે અને દુર્ગંધિ વસ્તુ તરફ તે રોષ બતાવે છે, એ પણ એક મોટો દોષ છે. તથા જો કે દૃષ્ટિને અબલા કહીને વર્ણવી છે, તથાપિ એ દુષ્ટ અત્યંત ચપળ છે. એ શુચિ કે અશુચિનો પરિહાર કરતી નથી અને યુક્ત કે અયુક્તને પણ એ અવશ્ય જુએ છે. પરદારાના પ્રવર્ત્તનમાં સ્પર્શેંદ્રિયની એ ખરેખર એક દૂતી સમાન છે, વળી રસનાને વધારે લુબ્ધ બનાવવામાં એ મદદગાર બને છે. હે પ્રભુ ! એ કેટલાં દુઃખો ન ઉપજાવે ? વળી શ્રવણ જેમ વિટ ( કામી ) જનોના વચન સાંભળે છે, તેમ મુનિનો ઉપદેશ, નેત્રો બંધ કરીને પણ ન સાંભળે તેમજ ગાનતાન, વેશ્યાની વાત કે કલહ સાંભળવાથી અવિવેક નિરંતર વધ્યા કરે છે. એમ વિષયના વેગમાં ચડેલ એક એક ઇંદ્રિય પણ સમસ્ત જગતને જગાડી મૂકે છે, તો એ પાંચે જ્યાં ખેદ પમાડતી ખેલી રહી છે, ત્યાં કુશળતા કયાંથી ? માટે હે વિચક્ષણ દેવ ! તમે બરાબર તપાસ કરો, કે અહીં સ્પર્શન પ્રમુખ પાંચ પ્રધાનો, ચપળપણાથી કંઇ વિપરીત આચરણ કરે છે. તેથી તમને ભવોભવ અનિષ્ટ દુઃખ પ્રાપ્ત થાય છે. જો તમને મારા વચનમાં વિશ્વાસ ન હોય, તો આ એક મનને બાંધીને પકડી રાખો, એના વિના જો ઇંદ્રિયો પોતાના વિષયમાં પ્રવર્ત્તમાન થાય, તો મને દોષ આપજો અને વળી હે સ્વામિન્! તમે સ્પર્શન પ્રમુખના કુલ, શીળ કે ગુણોની પણ પરીક્ષા કરી નથી, કારણ કે કુળ, શીળની પરીક્ષા ન કરવાથી સેવકો સ્વામીને દુઃખ આપે છે. માટે હે વિચક્ષણ દેવ ! ઇંદ્રિયોના કુળ, શીળ અને ગુણો પૂછો. ”

હવે બુદ્ધિદેવીનો એક **વિમર્શ** નામે શ્રેષ્ઠ બંધુ છે અને તેનો **પ્રકર્ષ** નામે કુમાર છે, કે જેનામાં અસાધારણ વિવેક વિદ્યમાન છે, તે બંને ત્યાં આવ્યા અને મસ્તક નમાવી, પ્રણામ કરતા પોતાના રાજાની સમક્ષ પૃથ્વીપર બેઠા. એટલે આત્મરાજાએ આદર પૂર્વક મીઠા બોલથી તેમને આસનપર બેસાર્યા. પછી રાજાએ તેમને પૂછ્યું કે—‘ આ પાંચે ઇંદ્રિયોના કુળ, શીળાદિક કહો. ’ ત્યારે હાથ જોડીને વિમર્શ કહેવા લાગ્યો—“ હે સ્વામિન ! સાંભળો— ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કલ્પસૂત્રના એક વર્ષાંકનું અવલોકન.

પરમપુનિત જૈનશાસ્ત્રોનું ઐતિહાસિક અવલોકન કરીએ તો આપણને એટલું મળી શકે છે કે, વિશ્વોદ્ધારક પરમાત્મા **મહાવીર**ના મુખમાંથી આગમ પ્રવાહ પ્રસર્યો હતો અને કાળાંતરે બાર દુકાળી વિગેરે વિષમ પ્રસંગો ઉપસ્થિત થતાં પઠનપાઠનાદિ ક્રમમાં ક્ષતિ થવાથી આ આગમ પ્રવાહ સત્વવિહોણો થવા મંડ્યો હતો. અંતે હજાર વર્ષ જતાં તો દ્વાદશાંગીમાંથી એકાદશાંગી અને એક પૂર્વ જેટલું જ્ઞાન બચવા પામ્યું. જે વખતે તે જ્ઞાનને ધારણ કરનારા પરમ પ્રભાવક પુરૂષ **દેવર્ધિગણી***[1] ક્ષમાશ્રમણ હતા.

વીર નિર્વાણની દશમી શતાબ્દીના ઉત્તરાર્ધ કાળના મહર્ષિઓએ આગમોનું સંરક્ષણ કરવા માટે વિચાર ચલાવ્યો. અને ઉત્તરાપથ ( પૂર્વદેશ ) તથા દક્ષિણપથના મુનિઓની વિશાળ બે સભાઓ મળી, જે પૈકીની એક સભા મથુરામાં મળી હતી, જેના કાર્યપ્રવર્તક પૂજ્યપાદ **સ્કંદિલાચાર્યજી** હતા. ( યોગશાસ્ત્રવૃત્તિ પ્રકાશ ૩, શ્લોક ૧૯ ) અને બીજી સભા વલ્લભીપુર ( વળા ) માં મળી હતી, જેના પ્રમુખ પૂજ્યપાદ દેવર્ધિગણી ક્ષમાશ્રમણ હતા. આ બન્ને વાચનામાં આગમ, ભાષ્ય, નિર્યુક્તિ તથા ગ્રંથોના કરોડો શ્લોકો પુસ્તકારૂઢ થયા હતા. અને આ બન્ને વાચનામાં સંગ્રહ કરેલ ગ્રંથોનો સમન્વય કરતાં રહેલ **પાઠભેદ**ને વાયણાંતરેના ચિન્હાંકથી કાયમ રાખી લેખિત ગ્રંથોનો વારસો ભાવી જગતના ઉપરકાર માટે મૂકયો હતો.

આ આગમ ગ્રંથોમાં અંગ, ઉપાંગ, કાલિક, ઉત્કાલિક, મૂળ, પયન્ના, આવશ્યક, વિગેરે ચોર્યાશી આગમો નીર્યુક્તિઓ તથા ભદ્રબાહુ સંહિતા, ઉપદેશ માળા, વિગેરે અનેક ગ્રંથોનો સમાવેશ થાય છે.

પૂર્વાચાર્યોએ આ બન્ને વાચનાના સ્મૃતિ ચિન્હાંક તરીકે શ્રી દેવવાચકજી કૃત નંદીસૂત્રમાં તથા ચતુર્દશ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામી કૃત કલ્પસૂત્રમાં સ્વકા-

૧ ભાષા સાહિત્યના ચાર સ્તંભ પૈકીના એક પૂજ્યપાદ શ્રી દેવર્ધિગણી ક્ષમાશ્રમણ છે. જેઓએ સોળ વર્ષની વયે દીક્ષા લીધી હતી. તેઓએ ટુંક મુદતમા લખી શકાય એવા સ્વરૂપમાં મૂળ આગમોનો–ગ્રંથોનો સંક્ષેપ કરી પુસ્તકો લખ્યા–લખાવ્યા છે. દશાશ્રુત સ્કંધના ૮ મા અધ્યયનમાં વીર ચરિત્રનો પાઠ પણ આવી જ રીતે સંક્ષેપેલ છે. જ્યારે તેનું સમસ્ત વિવરણ પરમ પુનિત કલ્પસૂત્રમાં રાખેલ છે. પણ માત્ર શ્રી કલ્પસૂત્રની સ્થવિરાવળી વાચનાની યાદિમાં નવી યોજેલ હોય એમ સંભવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લીન પટ્ટાવળીનો ઉલ્લેખ કરેલ છે. જેથી આ બન્ને આગમો માથુરી વાંચના અને વલ્લભી વાચનાના વિશિષ્ટ ગ્રંથો હોય એમ સમજી શકાય છે.

ત્યારપછી શ્રી જીનભદ્રગણી, ક્ષમાશ્રમણ શ્રી શીલાંકસૂરિ, શ્રી અભયદેવસૂરિ, શ્રી મલયગીરિસૂરિ વિગેરે પરમ પ્રભાવક પુરૂષોએ વિવિધ ભાષ્ય, ટીકા, ચૂર્ણિ અને ટીપ્પણની રચનાવડે આગમપ્રવાહને સમૃદ્ધ બનાવ્યો છે, જે અદ્યાપિ પર્યંત અવિચ્છિન્નપણે વીતરાગ માર્ગને વહન કરી રહ્યો છે.

આ રીતે આગમોના ઐતિહાસિક સંસ્કરણો તપાસ્યા પછી આગમોમાં સાલવારીના ઉલ્લેખો કયાં કયાં છે તે તપાસીએ તો શ્રી કલ્પસૂત્ર*[૨] શીલાંકસૂરિની ટીકા અને અભયદેવસૂરિની ટીકામાં સંવતના ઉલ્લેખો મળી શકે છે. તેમાંથી કલ્પસૂત્રનો વર્ષાંક એક નવું મહત્વ પ્રકટાવે છે—નવું અજવાળું પાડે છે.

સ્થવીરાવળીમાં પ્રાંતે લખ્યું છે કે—

समणस्स भगवओ महावीरस्स जावसव्वदुक्खपहीणस्स नववास सयाइं विइक्कंताइं, दसमसस्सय वाससयस्स अयं असीइमे संवच्छरे काले गच्छइ ॥ वायणंतरे पुण अयं तेणउए संवच्छरे काले गच्छइ, इति दिसइ ॥ १४८ ॥

**અર્થ**—યાવત્ સર્વ દુઃખ મુક્ત શ્રમણ ભગવાન મહાવીરના નવસો વર્ષ વ્યતિક્રમ્યા છે, અને આ દશમા શતકનું એંશીમું (૯૮૦) વર્ષ જાય છે. પરંતુ અન્ય વાચનાના મતે (મતાંતરે) આ ત્રાણુમું (૯૯૩) વર્ષ જાય છે એમ દીસે છે. ॥ ૧૪૮ ॥

આ સૂત્રના અર્થમાં સંપ્રદાય વચનિકા છે કે—

वलहिपुरंमि अ नयरे, देवड्डि पमुह सयल संघेहिं ।
पुत्थे आगमु लिहिओ, नबसय सीआउ वीराओ ॥ १ ॥

**અર્થ**—વલ્લભીપુર નગરમાં દેવર્ધિ પ્રમુખ સકળ સંઘે વીરથી ૯૮૦ વર્ષે પુસ્તક ઉપર આગમ લખેલ છે.

---

૨ જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ તથા કલ્પસૂત્રમાં કહેલ તીર્થંકરના કલ્યાણકની કાળ ગણનામાં અને કલ્પસૂત્રની ટીકાની કાળ ગણનામાં જરાક વિસંવાદ માલુમ પડે છે એટલે ત્રીજા આરાની પૂર્ણાહૂતિમાં વર્ષ ૩ માસ ૮॥ બાકી રહેતાં ઋષભદેવ ભગવાન નિર્વાણ પદ પામ્યા છે, તેમજ ચોથા આરાના વર્ષ ૩ માસ ૮॥ બાકી રહેતાં પરમાત્મા મહાવીરદેવ નિર્વાણપદ પામ્યા છે. તો પ્રભુ ઋષભદેવભગવાન અને પ્રભુમહાવીર સ્વામીના નિર્વાણને બેતાલીશ હજાર વર્ષ હીન એકકોડાકોડી સાગરોપમનું આંતરૂં રહે છે, જ્યારે ટીકામાં અજીતનાથ પ્રભુ અને ઋષભદેવ પ્રભુના આંતરા મેળવતાં વર્ષ ૩ અને માસ ૮॥ નો વિશેષ ફરક રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કળિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિ લખે છે કે—

भगवद्भिर्नागार्जुनस्कंदिलाचार्य प्रभृतिभिर्न्यस्तं ॥

**અર્થ**—ભગવાન નાગાર્જુન, સ્કંદિલાચાર્ય વિગેરે એ પુસ્તકો લખેલ છે.

કેટલાક આચાર્યો કથે છે કે—

नवशताशीति वर्षे, वीरात्सेनांगजार्थमानन्दे ।
संघ समक्षं समहं, प्रारब्धं वाचयितुं विज्ञैः ॥ १ ॥

**અર્થ**—વિજ્ઞોએ નવસો એંશી વર્ષે વીરસેનના પુત્ર માટે આનન્દનગર (વડનગર) માં સંઘ સમક્ષ મહોત્સવ પૂર્વક (કલ્પસૂત્ર) વાંચવાનો પ્રારંભ કર્યો છે.

એવી પણ માન્યતા છે કે—૯૮૦ વર્ષે ધ્રુવસેન રાજાની સમાધિ માટે કલ્પસૂત્રની વાંચનાનો પ્રારંભ થયો છે.

મુનિ સુંદરસૂરિ કહે છે કે—

बीशत्रिनंदांक शरद्यचीकरत् त्वच्चैत्य पूते ध्रुवसेन भूपतिः
यस्मिन्महे संसदिकल्प वांचना—माद्यां तदानंन्द पुरं नकः स्तुते ॥ १ ॥

**અર્થ**—જે નગરમાં સભામાં વીરથી ૯૯૩ મી શરદઋતુ જતાં ધ્રુવસેન રાજાએ મહોત્સવપૂર્વક આદ્ય કલ્પ વાંચના કરાવી, તે આનન્દપુર નગરની કોણ સ્તુતિ નથી કરતું. ૧

ઉપાધ્યાયશ્રી ધર્મસાગરજી કહે છે કે—

नवशता शीति वर्षातिक्रमे पुस्तक वाचना प्रवृत्ता,
नवशत त्रिनवति वर्षे चपर्षद् वाचनेति ॥

**અર્થ**—૯૮૦ વર્ષે પુસ્તક વાંચના થઇ, અને ૯૯૩ વર્ષે સભામાં વાંચન થયું

ઉપાધ્યાયશ્રી વિનયવિજયજી મહારાજ કથે છે કે—

नवशता शीति तम वर्षे कल्पस्य पुस्तके लिखनं,
नवशतत्रिनवतितम वर्षेच कल्पस्य पर्षद वाचनेति ॥

**અર્થ**—૯૮૦ વર્ષે કલ્પસૂત્ર પુસ્તકરૂપે લખાયું. અને ૯૯૩ વર્ષે કલ્પસૂત્ર સભામાં વંચાયું.

આ પ્રમાણે કલ્પસૂત્રના એક શબ્દના અર્થમાં અનેક ઉલ્લેખો મળી શકે છે. પણ તેમાં "અમુકજ ઉલ્લેખ સત્ય છે" એમ તો એકદમ કહી શકાય નહીં, જ્યારે "દરેક વચનો અવિશ્વસ્ય છે" એમ માનવાની ધૃષ્ટતાપણ કરી શકાય નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી ધ્રુવસેન રાજાનો સમયકાળ શોધિએ તો, વીર નિર્વાણથી ૯૮૦ વર્ષે ધ્રુવસેન નામે કોઈ રાજા થયો હોય એવો ઐતિહાસિક ઉલ્લેખ મળી શકતો નથી. જ્યારે ત્યારપછી ટુંક મુદતમાંજ **વલભી**વંશી ધ્રુવસેન રાજા થયેલ છે, જેની વંશાવળી નીચે મુજબ છે.

વલભી રાજવંશનો આદિ પુરૂષ સૂર્યવંશી કનકસેન ગુપ્તસંવત્ ૨૦૦ ( વિક્રમાબ્દ ૫૭૬ ) માં (?) લોહકટથી ( અયોધ્યાથી ) સૌરાષ્ટ્રમાં આવ્યો હતો, જેણે પ્રથમ પ્રયત્નમાંજ પરમારને *[3]રાજભ્રષ્ટ કરી વડનગર સ્થાપ્યું હતું, તેનો પુત્ર મહામદનસેન પૌત્ર સુદેત અને પ્રપૌત્ર **વિજયસેન** થયો. વિજયસેને ૧ વિજયપુર (ધોળકા), ૨ વૈદર્ભી, અને ૩ વલભી *[4]નગર વસાવી વલભીમાં પોતાની રાજગાદી સ્થાપી હતી. તે વલભીવંશનો આદિ રાજા હતો. જેના શીલાલેખોમાં " રાજા " તરીકેનો ઉલ્લેખ મળી શકતો નથી, પણ " સેનાધિપતિ વિજયસેન ભટ્ટારક " એવું નામ મળી શકે છે તેની પછી આ પ્રમાણે અઢાર રાજાઓ થયા છે.

( કા૦ સ૦ સં+વલભીવંશ )

૧ વિજયસેન ભટ્ટારક, ૨ ધરસેન ( વિક્રમ સંવત્ ૫૩૫ ? ), ૩ દ્રોણસિંહ, ૪ **ધ્રુવસેન**, ૫ ધરભટ્ટ, ૬ ગ્રહસેન, ૭ ધ્રુવસેન, ૮ શિલાદિત્ય, ૯ ખરગ્રહ, ૧૦ ધરસેન, ૧૧ ધ્રુવસેન, ૧૨ ધરસેન, ૧૩ ધ્રુવસેન, ૧૪ ખરગ્રહ, ૧૫ શિલાદિત્ય, ૧૬ શિલાદિત્ય, ૧૭ શિલાદિત્ય, ૧૮ શિલાદિત્ય, ૧૯ શિલાદિત્ય,

આ પરંપરામાં ભટાર્ક સેનાધિપતિને ગણતાં ઓગણીશ, અને તેને ન ગણીએ તો અઢાર રાજાઓ વલભીવંશમાં થયા છે.

શત્રુંજય *[5]મહાત્મ્યમાં પણ કહ્યું છે કે—

*૩ કદાચ આનન્દનગરમાં કે જુની વલ્લભીમાં આપરમાર રાજાની પૂર્વે અનપત્ય ધ્રુવસેન રાજા હોય, અને જેના વખતમાં કલ્પસૂત્ર વંચાયું હોય.

*૪ આનન્દપુરના સ્થાને વડનગર, અને જુની ( જીર્ણશીર્ણ ) વલભીના સ્થાને નવી વલભી, વસાવ્યાં એટલે જુના નગરને મજબુત બનાવ્યાં. અથવા આનન્દપુર અને પ્રાચીન વલભીની પાસેની ભૂમિમાં નવાં વડનગર અને વલ્લભીનગરની સ્થાપના કરી એમ સંભવે છે. (૫૧૦)

* ૫—કેટલાક મહાશયો. इतश्च ॥ २८३ ॥ सप्त ॥२८६ ॥ ततः कुमारपालस्तु ॥ २८७ ॥ ઇત્યાદિ શ્લોકો દેખી શત્રુંજય મહાત્મ્યને અર્વાચિન ગ્રંથ તરીકે ઓળખાવે છે. પણ વિક્રમસંવતની પાશ્ચાત્ય શોધ ખોળ પ્રમાણે ચંદ્રગુપ્તનેજ સત્ય વિક્રમાર્ક માની विक्रमार्कात्तेनस्थाने चंद्रगुप्तात् કે वलभ्याश्च એવા શબ્દો લઇએ તો આ શ્લોક ઇતિહાસમાં **મહત્વનું સ્થાન** લ્યે છે, કેમકે વલભીસંવત્ ૪૭૦ એટલે વિક્રમસંવત્ ૮૪૫ માં શિલાદિત્ય થયેલ છે. અને તે અરસામાં હિંદમાં બૌદ્ધોનું જોર હતું જેના જય માટે ધનેશ્વરસૂરિએ અનન્ય પ્રયત્ન કર્યો હોય, ( શંકારાચાર્યજી પણ ત્યાર પછીના કાળમાંજ થયા છે) એ બનવું સંભવિત છે. ઉત્કીર્ણ કોમાં પણ વલભી સંવત્ ૪૭૭ લગભગના દાનપત્રો મળ્યા છે અને શત્રુંજય મહાત્મ્યમાં પણ એ અપ્રસિદ્ધ સંવત્કાળનો ઉલ્લેખ છે. એટલે આવા ગ્રંથને હરિણપ્લુતિથી " અર્વાચિન " ના વિશેષણો આપીએ તે પ્રશંસનીય નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



शत्रुंजयोद्धार कर्तु--रष्टादश नृपेशितुः
वलभ्यां श्री सुराष्ट्रेश--शिलादित्यस्यचाग्रहात् ॥ १ ॥ १४ ॥
सप्त सप्ततिमब्दाना मतिक्रम्यचतुःशतीं ॥
विक्रमार्का च्छिलादित्यो भविताधर्मवृद्धिकृत् ॥ १४ ॥ २८६ ॥

**અર્થ**—શત્રુંજય તીર્થનો ઉદ્ધાર કરનારા અઢારમા રાજા સૌરાષ્ટ્રપતિ શિલાદિત્યના આગ્રહથી વલભીનગરમાં (૧૪) વિક્રમાદિત્ય (વલભી સંવત્) થી ૪૭૦ વર્ષ જતાં ધર્મની વૃદ્ધિ કરનારો સાતમો **શિલાદિત્ય** થશે ( ૨૮૬ )

આ વલભીવંશનો બીજો રાજા ધરસેન અને ચોથો રાજા તેનો નાનોભાઇ **ધ્રુવસેન** છે જ્યારે ધરસેન વલભીની ગાદીએ હશે ત્યારે ધ્રુવસેન વડનગરમાં રહેતો હશે, અથવા પોતાના પીતા વિજયસેન ભટ્ટારકના રાજ્ય શાસનમાં તે વડનગરનો કોઇ હોદ્દાદાર હશે, અથવા પોતાને રાજ્યાસન મલ્યું ત્યારે પણ તે બહુકાળ વડનગરમાં વસતો હશે, જેનો પુત્ર મૃત્યુપામવાથી રાજાના મનને શાંત કરવા માટે કલ્પસૂત્રનું પર્ષદ્‌વાંચન થયું હશે. પણ આ ઉપરથી પોતાના પીતાના રાજ્યકાળમાં પુત્રના મૃત્યુનો શોક ઓછો કરવા માટે ધરસેને કલ્પસૂત્રનું શ્રવણ કર્યું હોય તો જ વીરનિર્વાણ સંવત્ ૯૯૩ માં કલ્પસૂત્રની પર્ષદ્ વાંચના થઈ છે એમ માની શકાય. તે સિવાય ૯૯૩ નો સંવત્ બંધ બેસતો થઇ શકતો નથી.

બીજી તરફ કલ્પસૂત્રમાં આગમવાંચનાના વર્ષનો ઉલ્લેખ હોય, પણ કલ્પસૂત્રની વાંચનાના પાઠનો ઉલ્લેખ હોય, એતો કોઇ રીતે બુદ્ધિ ગ્રાહ્ય થઈ શકે તેમ નથી.

આ ઉપરાંત કલ્પકિરણાવળી કાર, " પ્રાચિનકાળમાં + + + + પણ કલ્પસૂત્ર સભામાં વંચાતું હતું " એવો સંભવ દેખાડે છે. તો પછી ધ્રુવસેનના સમયની વાંચનાની નોંધની શું જરૂર રહે છે ? આપણ એક આવશ્યક પ્રશ્ન છે.

આ દરેક બાબતનો નીચોળ નીચે મુજબ સમજાય છે.

શ્રમણ ભગવાન મહાવીર પછી ૯૮૦ વર્ષે આગમ વાંચનાની સભા ભરાઇ હતી. પણ તે કાર્ય એકજ વર્ષમાં પુરૂં થયું હોય એ બનવું અસંભવિત છે, એટલે વાંચનાનંતરં વાંચના પછીના તેરમે વર્ષે અર્થાત્ ૯૯૩ વર્ષે લખવાની પૂર્ણાહુતિ થઈ હશે અને બીજી રીતે કહીયે તો તેજ વર્ષમાં છેલ્લું કલ્પસૂત્ર લખાયું હશે અને પછી વીરાબ્દ ૯૯૩ થી લગભગ ૧૦૧૫ સુધીમાં આનન્દપુરની સભા સમક્ષ કલ્પસૂત્ર વંચાયું હશે. કલ્પસૂત્રમાં નિર્દેશેલ બન્ને વર્ષાંકો આવા અર્થ કરવાથી અવિસંવાદ પણે મળી રહે છે.

**લી० આગમાભ્યાસી.**

---

\+ આ લેખ ઐતિહાસિક દષ્ટિબીંદુથી સત્યગવેષણામાં લખાયો છે. જે વિશેષ પ્રમાણો ન મળે ત્યાં સુધી " તદ્દન સત્ય છે " એમ માનવાની આવશ્યકતા નથી. પણ આ સંબંધમાં વિશેષ શોધખોળ થાય તેવા પ્રયાસો કરવાની જરૂર છે. **લેખક.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સાંસારિક જીવન.

વિઠ્ઠલદાસ મૂ. શાહ.

( ગતાંક પૃષ્ટ ૨૯૮ થી શરૂ )

ચીડીયા સ્વભાવનો, ક્રોધી અથવા ઇર્ષ્યાળુ મનુષ્ય પોતાની જાતને તથા બીજાઓને દુ:ખી કરવા સિવાય બીજુ કાંઇ નથી કરી શકતો. તે કોઇના પણ શુભ કાર્યની પ્રશંસા કરી શકતો નથી તેમજ કોઇને ઉત્તેજન આપી શકતો નથી. તેનું મુખ્ય કારણ તેની અવિચારશીલતા છે. જે માણસમાં જરાપણ સમજ શક્તિ હોય છે તે કદિપણ જાણી બુઝીને એવું કાંઈ પણ કામ નહિ કરે કે જેનાથી તેને પોતાને દુ:ખી થવું પડે અને બીજાઓને પણ દુ:ખી થવું પડે, આવાજ મનુષ્યો કોઇ કોઇ વાર આવેશ અથવા ક્રોધમાં આવી જઇને લોકોને એવાં મર્મભેદી વચનો કહી નાંખે છે કે જેનું પરિણામ કહેનાર તેમજ સાંભળનાર બન્નેને અત્યંત ભયંકર થઇ પડે છે. મનુષ્યનાં હ્રદય ઉપર નાની તેમજ મોટી સર્વ વાતોનો કંઇને કંઇ પ્રભાવ અવશ્ય પડે છે. જો આપણે આપણા અવિચારીપણાને લઇને કોઇ કાંઇ અનુચિત વાત કહી બેસીએ છીએ તો તે જરૂર તેના ચિત્તને ક્ષુબ્ધ કરીને થોડું ઘણું દુર્બલ બનાવી દે છે, અને જો આપણે આપણી વિચારશીલતાને લઇને તેના સાથે કોઇ એવો વ્યવહાર કરીએ કે જેને લઈને એ ખુશી થઈ જાય તો આપણે માની લેવું કે આપણે તેને ઉત્તેજન આપીને બલવાન બનાવીએ છીએ. અર્થાત્ જે મનુષ્ય હમેશાં બીજાના દોષોજ જોયા કરે છે, જે બીજાઓની સાથે બળ્યો અળ્યોજ રહે છે તે સમાજનો મોટો શત્રુ છે અને સમાજની ઉન્નતિમાં મહાઘાતકરૂપ નીવડે છે. એવા લોકો સંસારમાં હમેશાં દોષો અને દુ:ખોની વૃદ્ધિ કરે છે અને કદીપણ સફલ–મનોરથ અથવા સર્વપ્રિય થઇ શકતો નથી; પરંતુ જે મનુષ્ય હમેશાં પ્રસન્નચિત્ત રહે છે અને જે પોતાના મધુર વચનોથી હમેશાં બીજાને ઉત્સાહિત કર્યા કરે છે તે સમાજની ઉન્નતિ કરવામાં મોટો સહાયક બને છે. આવોજ મનુષ્ય પોતાના જીવન–કાળમાં હમેશાં સર્વપ્રિય થાય છે, અને મરણ પછી પોતાની પાછળ સારી કીર્તિ મુકતો જાય છે.

કેટલાક મનુષ્યોનો સ્વભાવ ઘણોજ ચંચળ હોય છે. સ્વભાવની એ ચંચળતા પ્રાયે કરીને મનુષ્ય ઉપર પોતાનો સવિશેષ અધિકાર ત્યારે જ જમાવે છે જ્યારે મનુષ્ય બાલ્યાવસ્થા સમાપ્ત કરીને સમાજમાં પ્રવેશ કરે છે. આવો મનુષ્ય કદિપણ કોઈ વિષય ઉપર સંપૂર્ણ વિચાર કરી શકતો નથી અને તેથી કરીને તેનો નિશ્ચય ભ્રમપૂર્ણ અને હાનિકારક હોય છે. જેવો એ કોઇ બાબત ઉપર જરાપણ વિચાર કરે છે કે તરતજ તેનું ચંચળ ચિત્ત કોઈ બીજા વિષય ઉપર ચોંટે છે. હવે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પહેલી બાબત ઉપર જરા વિચાર કરીને તે જે પરિણામ લાવે છે તે તેને ઠીક લાગે છે, પરંતુ ખરી રીતે પરિણામ ઠીક હોતું નથી. આ નુકશાન આટલેથીજ અટકતું નથી. આગળ ચાલતાં જ્યારે તે પોતાના વિચારને કાર્યરૂપે પરિણત કરે છે ત્યારે તેના સ્વભાવની ચંચળતા એથી પણ વધારે નુકશાનકારક નીવડે છે. કાર્યનો આરંભ તો એ કરી દે છે. પરંતુ તેનાથી થનારા લાભમાં તેને વિશ્વાસ હોતો નથી. એવી સ્થિતિમાં તેની માનસિક ચંચળતા તેની સામે બીજા કાળનું ચિત્ર રજુ કરે છે અને તે એમાં લાગી જાય છે. પહેલાં કાર્યની અંદર તેણે જેટલો સમય અને જેટલી શક્તિ વાપર્યાં હોય છે તે સર્વ નકામું જાય છે. પરંતુ બીજું કામ પણ તે પોતાના ચંચળ સ્વભાવને લઇને કદિ પણ સારૂં કરી શકતો નથી અને તરતજ ત્રીજા કામમાં લાગી જાય છે. એ રીતે પ્રત્યેક કાર્યમાં તેના સમય અને શક્તિનો દુરૂપયોગ થાય છે અને કોઇ પણ કાર્યમાં તેને કશો લાભ થતો નથી. એવો મનુષ્ય સંસારમાં કદિપણ કોઇ કાર્ય કરી શકતો નથી.

સ્વભાવની ચંચળતાથી કેવળ એટલું એકજ નુકશાન નથી, તેનાથી બીજા અનેક નુકશાન થાય છે. ચંચળ સ્વભાવનો મનુષ્ય કદિપણ પોતાનું આચરણ સારૂં રાખી શકતો નથી. ઘણે ભાગે તે ખરાબ મનોવિકારોનો વારંવાર ગુલામ બની જાય છે. કદાચ તેના ઉપર કોઈ સંકટ આવી પડે તો તે તેનાથી બચવાનો કોઇ સારો ઉપાય નહિ શોધી શકે. બીજાની સત્યતા અને અસત્યતા વિગેરેનો પણ તેને કદિ વિશ્વાસ હોતો નથી. જેનો સ્વભાવ ચંચળ હોય છે તેનું હૃદય પણ કદિ શાંત અને સ્વસ્થ નથી રહેતું, પ્રાયે કરીને તે બીજાઓને પણ શાંત અને સ્વસ્થ રહેવા દેતો નથી. બીજા લોકો કદિ પણ તેની વાતો અને કાર્યોનો વિશ્વાસ કરતા નથી. સહુ સમજે છે કે એની ચિત્તવૃત્તિ બદલાતાં વાર નહિ લાગે. એવો મનુષ્ય દ્રવ્યનો પણ કદિ સંગ્રહ નથી કરી શકતો. તે ક્ષણમાં સુખી, ક્ષણમાં દુઃખી, ક્ષણમાં મહાન્, ક્ષણમાં ક્ષુદ્ર, ક્ષણમાં ઉચ્ચ, ક્ષણમાં નીચ બની જાય છે. નાનામાં નાનું કારણ પણ એની સ્થિતિ અને વિચારો ફેરવી શકે છે.

એક વિદ્વાન્ મહાશયનો અભિપ્રાય છે કે સ્વભાવની ચંચળતાને લઇને મનુષ્યમાં દુર્બળતા આવી જાય છે. પરંતુ ખરી રીતે તો સ્વયં દુર્બળતા જ ચંચળતાનું કારણ છે. દુર્બળતાથી કેવળ ચંચળતાજ ઉત્પન્ન થાય છે એટલુંજ નહિ પણ બીજાં પણ અનેક દોષો ઉત્પન્ન થાય છે. આપણે આપણી જાતને સામર્થ્યવાન પ્રતિષ્ઠિત અથવા બુદ્ધિમાન માનવી. કોઈ પણ નિશ્ચયને દૃઢ વળગી ન રહેવું, બીજાઓના દોષ શોધવા, જરા જરા વાતમાં પ્રસન્ન અથવા અપ્રસન્ન બની જવું, પ્રલોભન જોઇને કુમાર્ગમાં પ્રવૃત્ત થઇ જવું, સ્વાર્થી, અપવ્યયી અથવા મિથ્યાવાદી બનવું વિગેરે વિગેરે સઘળા દોષો પ્રાયઃ કરીને માત્ર દુર્બલતાને લઇને જ ઉત્પન્ન થાય છે. જે મનુષ્યમાં કંઈ પણ માનસીક બળ હોય છે તે પહેલાં તો કદિ પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુમાર્ગમાં પ્રવૃત્ત જ થતો નથી અને જો કદાચ કોઇ કારણવશાત્ કોઈ ખરાબ કાર્યમાં લાગી જાય છે તો સમય જતાં તે પોતાના માનસિક બળની સહાયતાથી તે ખરાબ કાર્યથી તદ્દન દુર થઈ જાય છે. પરંતુ જે મનુષ્યમાં માનસિક બળનો અભાવ હોય છે જેનું હૃદય દુર્બળ હોય છે-તે હંમેશાં નવાં નવાં દુષ્કર્મોમાં ફસાઈ પડે છે અને તેનું આખું જીવન કષ્ટમાંજ પસાર થાય છે.

દુર્બળતા આપણને કોઈ પણ પ્રાપ્ત વસ્તુથી સંતુષ્ટ થવા નથી દેતી તેમજ તેનો સદુપયોગ પણ નથી કરવા દેતી. આપણે જ્યારે કાંઈ ઇચ્છિત વસ્તુને પ્રાપ્ત કરીએ છીએ ત્યારે તેનાથી આપણું સમાધાન નથી થતું. આપણું ધ્યાન કોઈ બીજી વસ્તુ ઉપર જાય છે એ બીજી વસ્તુની પ્રાપ્તિ થતાં કોઇ ત્રીજી વસ્તુ ઉપર અને ત્રીજી વસ્તુની પ્રાપ્તિ થતાં ચોથી વસ્તુ ઉપર આપણી દૃષ્ટિ જાય છે અને એ ક્રમ બરાબર ચાલુ રહે છે. આપણી દુર્બળતા આપણને પ્રાપ્ત વસ્તુના ગુણ તેમજ ઇચ્છિત વસ્તુના દોષ જાણવા દેતી નથી. અને તેને લઇને આપણામાં અસંતોષ ઉત્પન્ન થાય છે. જો પ્રશંસનીય ઉપાયોવડે ધનવાન બનવામાં, જ્ઞાન પ્રાપ્ત કરવામાં અથવા લોકોપકારના કાર્યો કરવામાં આપણને સંતોષ ન થાય અને આપણે એ માર્ગમાં અગ્રેસર રહીએ છીએ તો તેના કરતાં વધારે સારી વસ્તુ બીજી કોઇ નથી, પરંતુ ખરી રીતે લોકો સારી બાબતોથી તો જરાવારમાં સંતુષ્ટ થઇ જાય છે અને નિન્દનીય કાર્ય કરવાથી કદિપણ તેમનું સમાધાન થતું નથી. એક તો કોઈ પણ ખરાબ કાર્યમાં પ્રવૃત્તિ કરવી એજ દુર્બલતાનું ચિહ્ન છે, બીજું તેની અંદર અગ્રેસર થવું એ પણ મોટી દુર્બલતા છે. જો દુષ્કર્મો છોડી દેવામાં આવે તો સંસારની અન્ય સાધારણ બાબતોમાં પણ એ અસંતોષ ઘણે ભાગે હાનિકારક જ પ્રતીત થશે; કેમકે એને લઇને આપણે પ્રાપ્ત વસ્તુનાં સુખથી વંચિત રહીએ છીએ. આપણને પ્રાપ્ત થયેલી સારી વસ્તુ પણ આપણને ખરાબ લાગવા માંડે છે. જે વસ્તુઓથી આપણને હર્ષ થવો જોઇએ તેનાથી આપણને વિષાદ થવા લાગે છે.

એ સર્વ બાબતો એવી છે કે જેને લઇને મનુષ્યનું જીવન અપરિમિત બની જાય છે. જો મનુષ્ય કોઇ રીતે પરિમિત જીવન વ્યતીત કરી શકે તો તે તેણે પોતાનું પરમ સૌભાગ્ય સમજી લેવું જોઇએ. પરિમિત જીવનનું તાત્પર્ય એ છે કે મનુષ્યે પ્રત્યેક કાર્યમાં એ સમજવું જોઇએ કે પોતાને અમુક કાર્યમાં કેટલા અગ્રેસર રહેવાની જરૂર છે. આપણને જીવનનો વાસ્તવિક આનંદ ત્યારેજ મળી શકે છે કે જ્યારે આપણે પ્રત્યેક બાબતમાં પરિમિત થઇએ છીએ. નહિ તો આપણને કદિ પણ વાસ્તવિક સુખ નથી મળી શકતું. '**अति सर्वत्र वर्जयेत्**'નો સિદ્ધાંત પ્રત્યેક મનુષ્યે યાદ રાખવો જોઇએ અને આ સિદ્ધાંતનો ઉપયોગ કરવામાં ઘણાંજ માન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિક બળની આવશ્યકતા રહેલી છે. એ માનસિક બળ સર્વ માણસોમાં થોડું ઘણું હોય છે, પરંતુ આપણે આગળ જોઈ ગયા તેમ લોકો જાણી બુઝીને તેની તરફ ધ્યાન નથી દેતા અને અંતે તેને નષ્ટ કરે છે. જે લોકોમાં કોઇ પણ પ્રકારની માનસિક દુર્બલતા હોય છે તેઓએ સૌથી પહેલાં એટલું સારી રીતે જાણી લેવું જોઈએ કે પ્રત્યેક મનુષ્યમાં થોડું ઘણું માનસિક બળ રહેલું છે અને તેનો ઉપયોગ કરવાથી તેનો હમેશાં વિકાસ થાય છે. એટલું સમજવા ઉપરાંત તેઓએ એટલો દૃઢ નિશ્ચય કરવો જોઇયે કે અમે અમારી એ દુર્બલતા દુર કરશું અને તેના પરિણામ રૂપ ખરાબ કાર્યોથી બચી જશું. દુર્બલતા દુર કરવાનો અને કુમાર્ગથી બચવાનો એજ સૌથી સરસ અને સહજ ઉપાય છે.

ઘણા લોકો નાની નાની વસ્તુઓ અથવા બાબતો તરફ ઉદાસીન રહે છે. તેઓ સમજે છે કે તે તુચ્છ વસ્તુઓ અથવા બાબતો આપણને કશી હાનિ અથવા લાભ કરી શકતી નથી, એવા લોકો હમેશાં દુઃખી રહે છે. તેઓ એમ નથી સમજતા કે સંસારની સર્વ વસ્તુઓ નાની નાની વસ્તુઓનો સમૂહ છે. જે વસ્તુઓને આપણે નાની અથવા તુચ્છ ગણીએ છીએ તેના ઉપર જબરી રીતે આપણા ઘણા સુખ અથવા દુઃખનો આધાર રહેલો છે. 'નાની નાની બાબતો ઉપર ધ્યાન રાખવાથી મનુષ્યનું ચારિત્ર્ય ઘડાય છે, નાની નાની વસ્તુઓને યોગ્ય સ્થાને ગોઠવવાથી ઘરની શોભા વધે છે, નાની નાની ઘટનાઓમાંથી ઉપદેશ ગ્રહણ કરીને મનુષ્ય અનુભવી અને જ્ઞાની બને છે અને નાના નાના ખર્ચ બંધ કરીને મનુષ્ય સારી સંપત્તિ સંગ્રહીશકે છે. તાત્પર્ય એ છે કે જેટલી મોટી ચીજો છે એ કાંતો બધી આરંભમાં નાની હોય છે અથવા ઘણીજ નાની નાની વસ્તુઓના સમૂહરૂપે હોય છે. દાખલા તરીકે કોઈ વ્હાણના તળીયે જરા જેટલું છિદ્ર હોય છે તો તે છિદ્ર તે વ્હાણને ડુબાડી દેવા સમર્થ બને છે, તેમ જો કોઈ મોટા અને સુકાઇ ગયેલા તળાવમાં કોઈ સ્થળેથી નાનું ઝરણું આવતું હોય છે તો અમુક વખતમાં આખું તળાવ ભરાઈ જાય છે.

આપણા જીવનનો વિશેષ સંબંધ નાની વસ્તુઓ અથવા બાબતોની સાથે જ રહેલો છે. પાંચ દશ મીનીટ મિત્રોની સાથે ગપ્પાં મારવામાં, પાંચ દશ મિનિટ પાન ખાવામાં અને એવી રીતે અનેક પાંચ પાંચ મિનિટ ઘણાયે નિરર્થક કાર્યોમાં ગુમાવવાથી આપણો આખો દિવસ ચાલ્યો જાય છે. આપણે પાંચ દશ નાના ખર્ચ વધારી દઇએ તો બધી મળીને મોટી રકમ આપણા ઘરમાંથી ઓછી થાય છે. એક મિનિટનો સદુપયોગ કરવાથી ઘણોજ લાભ થઈ શકે છે અને એક પૈસાનો નિરર્થક ખર્ચ અટકાવવાથી ઘણું બચાવી શકાય છે. વાસ્તવિક રીતે ઘણા લોકો તુચ્છ બાબતો પરત્વે ઉદાસીન બને છે તેથી જ ઘણું દુઃખ પામે છે. જે લોકો તુચ્છ બાબતોનું ધ્યાન રાખી શક્તા નથી, તેઓજ મોટી બાબતોનું ધ્યાન રાખવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અસમર્થ અને અયોગ્ય બને છે. જે મનુષ્ય પાંચ પચીસ ફુટ પણ ચડી શકતો નથી તે મોટા પર્વત પર કેવી રીતે ચઢી શકે ?

જેવી રીતે એક ચીનગારીથી આખું ગામ ભસ્મ થઇ જાય છે તેવી રીતે કોઇ કોઇ વાર એક ઘણી જ તુચ્છ વસ્તુથી પણ મનુષ્યનું આખું જીવન નષ્ટ થઇ જાય છે. જરા પણ ઉદાસીનતા અથવા સુસ્તી જ મહાન્ અનર્થ કરી શકે છે. એક નાનો વ્યાધિ મનુષ્યના પ્રાણ લઇ શકે છે અને એક નાનો દોષ મનુષ્યનું ચરિત્ર નષ્ટ કરી શકે છે–નાની નાની બાબતો ઉપર પુરૂં ધ્યાન રાખનાર લોકો જ ખરી રીતે મહાન્ કાર્યો કરી શકે છે. અમેરીકાના પ્રસિદ્ધ વિદ્વાન બુકર ટી. વોશિંગ્ટન જ્યારે પહેલ વ્હેલા હેમ્પટન વિદ્યાલયમાં દાખલ થવા માટે ગયા ત્યારે ત્યાંની મુખ્ય અધ્યાપિકાએ તેની યોગ્યતાની પરીક્ષા કરવા માટે તેને એક ઓરડો વાળીને તે સાફ કરવાનું કહ્યું, વોશીંગ્ટને તો તે યોગ્યતા બતાવવાના અવસરને વધાવી લીધો અને આખો ઓરડો એટલો બધો સરસ સાફ કર્યો કે કોઇ ઠેકાણે રજનું નામ પણ ન રહ્યું. એ તુચ્છ કામ કરવામાં તેણે આટલો બધો પરિશ્રમ એટલા માટેજ લીધો કે તેણેજ તે કાર્યને તુચ્છ ગણવાને બદલે ' યોગ્ય કાર્યજ ગણ્યું હતું. ' જો તેણે તેને તુચ્છ સમજીને કર્યું હોત કે " આ તો ઘણું તુચ્છ કામ છે. કોઇ મોટું કાર્ય સોંપીને પરીક્ષા લ્યો " તો જરૂર તે કદિ પણ તે વિદ્યાલયમાં દાખલ થવા પામત નહિ. હેમ્ટપન વિદ્યાલયના અધિકારીઓ ઘણે ભાગે એવાં એવાં તુચ્છ કાર્યો સોંપીને વિદ્યાર્થીઓની પરીક્ષા લે છે અને તે પરીક્ષામાં જેઓ ઉત્તીર્ણ થાય છે તેઓનેજ ત્યાં દાખલ કરવામાં આવે છે. અને બીજું એ પણ કારણ હતું કે તે વિદ્યાલયમાંથી ભણીને નીકળતા સર્વ લોકો ઘણા જ લાયક, ચતુર અને કર્તવ્ય પરાયણ હોય છે. જે લોકો નાની નાની બાબતો ઉપર સંપૂર્ણ ધ્યાન આપતા હોય છે તેઓ મોટા કાર્યો પણ ઉત્તમતા પૂર્વક જ કરી શકે છે. કોઇ પણ કાર્ય સારી રીતે કરવું એજ સમગ્ર સફલતાનો મૂળ મંત્ર છે. જે લોકો યથાર્થ રીતે પોતાની ઉન્નતિ કરવા ઇચ્છતા હોય છે તેઓએ નાની નાની બાબતો પ્રત્યે કદિ પણ બે દરકાર ન રહેવું જોઇએ અને દરેક નાનું કાર્ય પણ ઉત્તમ રીતે કરવું જોઇએ. હંમેશાં નાના નાના દોષોથી પ્રયત્ન કરવો અને કોઇ પણ કામને નાનું અથવા તુચ્છ ન ગણવું. એક અંગ્રેજી કહેવત નો એવો અર્થ છે કે " તમે પૈસાની દરકાર કરો, રૂપિયો પોતાની દરકાર કરી લેશે. " અર્થાત્ જે લોકો હંમેશાં નાની નાની બાબતોનું ધ્યાન રાખે છે તેઓનાં મોટાં કાર્યો આપો આપ બની જાય છે. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## અમદાવાદમાં સકળ સંઘનું સંમેલન.

૧ શેઠ આણંદજી કલ્યાણજી સકલ સંઘ (હિંદના પ્રતિનિધિઓ)નું મળેલું અમદાવાદમાં સંમેલન.
૨ શ્રી જૈન કોન્ફરન્સનું મુંબઈમાં મળેલું ખાસ અધિવેશન.
૩ શ્રી ભારતીય જૈન સ્વયંસેવકનું પ્રથમ અધિવેશન. ( મુંબઇ ).
૪ શ્રી જૈન મહિલા સમાજનું મિલન ( મુંબઇ ).

ઉપરના બધા સંમેલનો મુખ્યત્વે કરીને શ્રી પવિત્ર શત્રુંજય તીર્થના માટે ચાલતા કેસના અંગે મી. વોટસનને આપેલા આઘાતરૂપ ઠરાવથી દુભાયેલ લાગણી માટેજ થયા છે. આ સંમેલનોથી આખા હિંદના ખૂણે ખૂણામાં કાંઇક નવું તેજ અને તીવ્ર લાગણી જૈન સમાજમાં પ્રગટી નીકળી છે. સંપ, ઐકયતા અને મક્કમતા હિંદની પ્રજામાં જૈન કોમે બતાવી આપેલ છે.

પ્રથમ અમો અમદાવાદમાં મળેલ શ્રી સંઘના સંમેલન સંબંધી ટુંકમાં જણાવીયે છીયે. ઘણી હકીકતો અન્ય પેપરોમાં આવી ગયેલ હોવાથી તેનો ટુંક સાર તેમાં થયેલ ઠરાવો સાથે આપીયે છીયે. આ સંમેલનમાં શેઠ શ્રી આણંદજી કલ્યાણજીના પ્રમુખશ્રી અને કાર્યવાહકોએ શાંતિપૂર્વક, પ્રેમભાવથી આ સંમેલનને પાર ઉતાર્યું હતું.

તા. ૨૭–૭–૧૯૨૬ ના રોજ શ્રી અમદાવાદમાં મળેલ સંમેલનમાં શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી હિંદના સકલ સંઘના પ્રતિનિધિઓ વગેરેને આમંત્રણ કરવામાં આવ્યું હતું, કે જ્યાં મી. વોટસન સાહેબે આપેલ ઠરાવ રજુ કરવા અને હવે પછી શું કરવું તેનો વિચાર કરવા આ સંમેલન મળ્યું હતું. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી અને કોન્ફરન્સ બંને પ્રતિસ્પર્ધિ સંસ્થાઓ હોય અને બંનેના કાર્ય જાણે જુદા જુદા હોય એવી અનેક હકીકતો ચાલી રહેલી હતી, પરંતુ સદ્‌ભાગ્યે તેવું કાંઇ બંને સંમેલનોમાં જણાયું નથી. તેટલુંજ નહીં, પરંતુ આ સંમેલનમાં પ્રમુખશ્રીએ તો સ્પષ્ટ જાહેર કરી દીધું કે આ બંને સંસ્થાઓ સંઘનાજ અવયવો છે વગેરે જણાવ્યું હતું. આ પેઢીના જવાબદાર કાર્યવાહકોએ જે શાંતિ, ધૈર્ય, અને દૂરંદેશી વાપરી કાર્યક્રમ પાર ઉતાર્યું હતું તેને માટે તેઓ ખરેખર ધન્યવાદને પાત્ર છે. કમીટીના કાર્યવાહકોએ એવી રીતે આ સંમેલનમાં કામ લીધું હતું કે સર્વને પોતાની નજીક લીધા છે. આ સંમેલનના પ્રમુખશ્રી કસ્તુરભાઇ લાલભાઈ શાંત, નિખાલસ, માયાળુ, સ્વતંત્ર વિચારક,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને સમયના જાણ હોવાથી બલ્કે તેઓની લઘુ વય છતાં વિશેષ પ્રૌઢતા હોવાથી એક ખરેખર નરરત્ન છે. તેઓની સારી કુનેહથી આ અને કોન્ફરન્સ બંને સંમેલનો શાંતિથી પાર ઉતરવામાં તેઓશ્રીનો મોટો હિસ્સો છે એમ કહી શકાય. મળેલા બંધુઓનું સ્વાગત પણ સારી રીતે તેઓશ્રીએ કર્યું હતું. હવે ટુંકમાં કાર્યક્રમની રૂપરેખા આપીયે છીયે.

બપોરના એક વાગે શેઠના વંડે સંમેલન મળ્યું હતું, જેમાં હિંદના અનેક બંધુઓએ ભાગ લીધો હતો. પ્રથમ શ્રી શત્રુંજયની સ્તુતિ કર્યા બાદ શેઠ પ્રતાપસિંહ મોહોલાલે સ્હાનુભૂતિના સંદેશા વાંચી સંભળાવ્યા હતા. ત્યારબાદ મુંબઇ શ્રીકચ્છી દશા ઓશવાળ જ્ઞાતિનો પત્ર વાંચી સંભળાવ્યો હતો જેમાં કોન્ફરન્સ બોલાવવાની છે છતાં આ સંમેલન શા માટે બોલાવ્યું હતું તેનો ખુલાસો માંગવામાં આવ્યો હતો. ત્યારબાદ પ્રમુખ શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઇએ ફેંસલા સંબંધી કેટલુંક વિવેચન કર્યું હતું. તે પછી કોટાવાળા નથમલજીએ મી. વોટસનના ઠરાવ માટે વિવેચન કર્યું હતું. ત્યારબાદ વીરમગામવાળા છોટાલાલ ત્રીકમદાસ વકીલ, કવી વાડીલાલ સાંકળચંદ, ભોગીલાલ હાલાભાઇ, શ્રીયુત મણીલાલ કોઠારી મી. મોહનલાલ દલીચંદ દેશાઇ, શાહ મણીલાલ ખુશાલચંદ પાલનપુર, શેઠ છોટાલાલ પ્રેમજીભાઇ માંગરોળ, શેઠ જેઠાભાઇ નરશી કેસવજી વગેરેએ વિવેચન કર્યા હતા. ત્યારબાદ ચા ટીપીન લઇ સબજેકટ કમીટી મળી હતી. અને ત્યાં નિર્ણય કરી પછી સંમેલનમાં નીચે પ્રમાણે ઠરાવો રજુ થયા હતા. જે સર્વાનુમતે પસાર થયા હતા.

**ઠરાવ ૧**—શ્રી શત્રુંજયના સંબંધમાં વેસ્ટર્ન ઇન્ડીયા સ્ટેટસના ના. ગવર્નર જનરલના એજન્ટ સાહેબે તા. ૧૨–૭–૨૬ ના રોજ આપેલ ચુકાદાથી જૈન કોમમાં ભારે દુઃખ અને અસંતોષ ફેલાયાં છે. કારણ કે તે ચુકાદો જૈન કોમના પરાપૂર્વથી સ્થાપિત અને માન્ય થયેલ હક્કોને તદ્દન ડુબાવનાર છે અને તેથી સમગ્ર હિંદના જૈન કોમના પ્રતિનિધિઓની આ સભા તે સામે પોતાનો સખ્ત વિરોધ જાહેર કરે છે. અને તે ચુકાદો જૈન કોમને માન્ય નથી એમ જણાવે છે. દરખાસ્ત મુકનાર શેઠ કુંવરજી આણંદજી અને શેઠ ચુનીલાલ રામચંદના ટેકાથી પસાર થયો હતો.

**ઠરાવ ૨**—આ સભા શેઠ આણંદજી કલ્યાણજીને આગ્રહ કરે છે કે તેમણે દરેક જૈનને ફરમાવવું કે જ્યાં સુધી આ રખોપાના સંબંધમાં પુરતો અને સંતોષકારક ન્યાય ન મળે, ત્યાં સુધી કોઇ જૈને પાલીતાણે યાત્રાએ જવું નહિં અને વધુમાં દરેક સંઘને સૂચવવું કે શ્રી સંઘની આ આજ્ઞાનો ચુસ્ત રીતે અમલ કરાવવો. શેઠ છોટાલાલ પ્રેમજીની દરખાસ્ત અને વકીલ છોટાલાલ ત્રીકમદાસના ટેકાથી પસાર થયો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઠરાવ ૩**—આ સભા સને ૧૯૮૨ ના શ્રાવણ સુદિ ૭ ને રવિવાર તા. ૧૫–૮–૨૬ આખા હિંદુસ્તાનમાં જૈનોને માટે શોકનો દિવસ જાહેર કરે છે. અને જૈનોએ તે દિવસે તપશ્ચર્યા કરવી, સભાઓ બોલાવવી અને શત્રુંજય સંબંધી હાલની પરિસ્થિતિ સમજાવવી એમ ભલામણ કરે છે. સાંગલીવાળા શેઠ લાલચંદ દેવચંદની દરખાસ્ત અને વકીલ ગુલાબચંદ વાઘજી તથા શા. ચુનીલાલ ચત્રભૂજના ટેકાથી પસાર થયો હતો.

**ઠરાવ ૪**—આખા ભારતવર્ષમાં જૈનોએ ઐક્ય અને આત્મસંયમ બતાવ્યો છે તે પ્રશંસાપાત્ર છે. અને આ સભા આશા રાખે છે કે આપણા આ ધર્મસંકટ અને મહાન કસોટીના સમયમાં તેવીજ રીતે ઐક્ય અને આત્મસંયમ છેવટ સુધી જાળવશે. ડો. બાલાભાઇ નાણાવટીની દરખાસ્ત અને ધ્રાંગધ્રાવાળા શેઠ હરિલાલ જુઠાભાઈના અનુમોદનથી પસાર થયો હતા.

**ઠરાવ ૫**—સર્વ પૂજ્ય મુનિમહારાજો તથા સાધ્વીજી મહારાજને આ સભા વિનંતિ કરે છે કે તેમણે ( ઠરાવ ૨ જામાં સૂચવ્યા પ્રમાણે ) પાલીતાણે યાત્રાએ ન જવાનો સર્વ જૈનોને ઉપદેશ આપવો. શેઠ જેઠાભાઇ નરશી કેસવજીની દરખાસ્ત તથા શેઠ રવજી સોજપાળના અનુમોદનથી ઠરાવ પસાર થયો હતો.

**ઠરાવ ૬**—આ સભામાં થએલ ઠરાવો નામદાર વાયસરોય, નામદાર મુંબઇના ગવર્નર સાહેબને અને નામદાર સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઇન્ડીયાને મોકલવા આ સભા પ્રમુખસાહેબને સત્તા આપે છે.

**ઠરાવ ૭**—શ્રીમાન્ પ્રમુખ સાહેબે શાન્તિ અને કાર્યકુશળતાથી આજની સભાનું કાર્ય સંતોષકારક રીતે બજાવ્યું છે તે માટે આ સભા તેમનો ઉપકાર માને છે. શેઠ જીવાભાઇ પ્રતાપચંદસિંહ રાધનપુરની દરખાસ્ત અને શેઠ ગીરધરલાલ ત્રીકમલાલ તથા ભાવનગરવાળા ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસના અનુમોદનથી ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

**ઠરાવ ૮**—દેશાવરથી પધારેલા સદ્‌ગૃહસ્થોએ જે શ્રમ લીધો છે અને વખતનો ભોગ આપ્યો છે તેમને માટે શેઠ આણંદજી કલ્યાણજીની કમીટી અને શ્રી અમદાવાદના સંઘ તરફથી અને મારા પોતાના તરફથી તેમનો આભાર માનવામાં આવે છે તેમજ અહીંના સ્વયંસેવકો તરફથી શ્રી સંઘની વખતોવખત સારી સેવા બજાવાય છે માટે તેમને ધન્યવાદ આપવામાં આવે છે.

ત્યારબાદ કોન્ફરન્સ તરફથી કમીટી તથા અમદાવાદના સંઘને ખાસ આમંત્રણ કોન્ફરન્સની સ્વાગત કમીટીના પ્રમુખ શેઠ રવજીભાઇ સોજપાળે કર્યું હતું. સાંઝના શેઠ શ્રી કસ્તુરભાઇને ત્યાં સર્વ જમવા પધાર્યા હતા. ત્યારબાદ રાત્રિના શેઠ કસ્તુરભાઇ લાલભાઈ તરફથી દરેક બોલનારાના પ્રશ્નોના સંતોષકારક ખુલાસા કરવામાં આવ્યા હતા. તેથી સર્વેના મનનું સમાધાન થયું હતું. અમદાવાદના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વયંસેવકોએ બજાવેલી સેવા માટે સંતોષ પ્રમુખશ્રીએ જાહેર કરી ધન્યવાદ આપ્યો હતો. ત્યારબાદ વોરા જુઠાભાઇ સાકરચંદે સૌના તરફથી પ્રમુખશ્રીનો ઉપકાર માન્યો હતો તેને શેઠ દેવચંદ દામજી કુંડલાકરે ટેકો આપ્યા બાદ પરસ્પર ઉપકાર માની મોડી રાત્રે મેળાવડો વિસર્જન થયો હતો.

---

૨ **શ્રી જૈન કોન્ફરન્સનું ખાસ અધિવેશન**—મુંબઇમાં તા. ૩૧-૧-૨-૩ જુલાઇ ઓગષ્ટ, શની, રવી, સોમ અને મંગળવાર અશાડ વદી ૭-૮-૯-૧૦ ના રોજ મળેલ હતું. સકળ હિંદમાંથી હજારોની સંખ્યામાં આવેલ પ્રતિનિધિ બંધુઓમાં આ પવિત્ર તીર્થ માટે નવું જોમ, લાગણી, ઐકયતા અને દ્રઢતા જણાતા હતા. અને તેને લઇને મી. વોટસનના ઠરાવે જૈન કોમના હૃદયમાં કેટલું સખ્ત દરદ ઉપજાવ્યું છે તેનું તોલન કરનાર માટે આ ખાસ અધિવેશન એક યાદગાર સાધનરૂપે અને અપૂર્વતા માટે સદાને માટે કાયમ સ્મરણરૂપ રહી જશે તેટલુંજ નહીં પરંતુ ભવિષ્યકાળમાં આ ભૂતકાળનો ઇતિહાસ તે વખતની પ્રજાને ઉપયોગી, દાખલારૂપ અને પ્રસંગવશાત્ ઉપયોગી અનુકરણીય થઇ પડશે. આ અધિવેશન મુંબઇમાં માધવબાગમાં સુશોભિત મંડપ તૈયાર કરી તેમાં મેળવવામાં આવ્યું હતું. મંડપમાં જુદા જુદા ગુજરાતી અને સંસ્કૃત ફકરાઓ લખી ચોડવામાં આવ્યા હતા. જે જૈન ધર્મની ગૌરવતા અને શ્રી શત્રુંજયતીર્થ પ્રત્યેનો અપૂર્વ પ્રેમ, અને માન પ્રગટ કરાવતા હતા. ત્રણ દિવસોની બેઠકોમાં પુરતું કાર્ય નહીં થઇ શકવાથી ચોથો દિવસ પણ તે માટે રાખવો પડયો હતો. આ દિવસ કોન્ફરન્સના બંધારણ માટે અસાધ્ય દેખાતો હતો. તેને માટે આગલા દિવસની રાત્રિની સબજેકટ કમીટીમાં તેમાટે નીમાયેલા પ્રતિનિધિઓએ તેમજ વિવેચનકારોએ તે વખતે ગંભીરતા જાળવી રાખવા માટે તેમજ ભાષા માટે પણ યોગ્ય કાબુ જાળવી રાખ્યો હતો. પ્રસંગવશાત્ આવેશ અને આક્રોશ આવતાં છતાં ચારે દિવસોએ તે ન આવવા દેવાની સ્થિતિ માટે ભવિષ્યમાં આપણા વિજયનું સુચિન્હ છે. એમ કહેવુંજ જોઇએ. આ અધિવેશનના કાર્યક્રમમાં પૂર્ણ ઉત્સાહ અને સદ્ભાવજ દેખાયો છે. તેનું કારણ પરમ પવિત્ર શ્રી શત્રુંજય તીર્થના હક્ક આપણને કેટલા પરમ પ્રિય છે તેને લીધેજ આ અધિવેશનમાં આપણે છેવટ સુધી રાખેલી શાંતિથી જણાય છે; એટલુંજ નહિ પરંતુ છેવટ સુધી શાંતિથીજ અને દ્રઢતાથી તે હક્ક માટે આપણે લડવા માંગીયે છીયે તેનો ચોક્કસ પુરાવો આ કોન્ફરન્સના અધિવેશને સકળ હિંદની પ્રજાને આપી દીધો છે.

કોન્ફરન્સના કાર્યવાહકો અને શેઠ આણંદજી કલ્યાણજીના પ્રતિનિધિઓએ બંધુભાવે જે કાર્ય સાથે બેસી કર્યું છે, તેથી બંને વ્યક્તિ વચ્ચે અથડામણી થશે તેવી કુશંકા છેવટે નષ્ટ થઇ છે. કોન્ફરન્સના ઉત્સાહી અને સમયજ્ઞ કાર્યવાહકો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( પ્રમુખ શેઠ રવજીભાઇ સોજપાળ તથા મુખ્ય સેક્રેટરી મકનજી જુઠાભાઈ વગેરે ) તેમજ કોન્ફરન્સના માનનીય અને વિચારશીલ અને હૃદયના ઉદાર પ્રમુખશ્રી બહાદુરસિંહજી સિંઘી તેમજ શ્રીયુત્ કસ્તુરભાઈ લાલભાઇએ આ ચાર દિવસોમાં જે હૃદયની વિશાળતા, ઉદારતા, દુરંદેશીપણું, અને બંધુભાવ અને નિખાલસતા દેખાડી સમયને માન આપી કામ લીધું છે, તેને માટે આવેલ પ્રતિનિધિ બંધુઓએ હૃદયનો આનંદ જાહેર કરવા સાથે તેઓશ્રીના યશોગાન ગાયા છે અને ધન્યવાદ આપેલ છે.

શ્રી કોન્ફરન્સના અધિવેશનના સંબંધમાં એટલી હકીકત જણાવી હવે તેના કાર્યક્રમ સંબંધી ટુંક હકીકત આપીએ છીએ. સ્વાગત કમીટીના તેમજ અધિવેશનના પ્રમુખના ભાષણો ( કોન્ફરન્સના પ્રમુખશ્રીનું ભાષણ તો ઘણું મનનીય, સમયને યોગ્ય અને વીરત્વવાળું હતું. અમે સર્વેને તે વાંચવા ભલામણ કરીએ છીએ. ) જે ઘણા પેપરોમાં આવી ગયેલ હોવાથી તે અત્રે નહીં આપતાં માત્ર ઠરાવો આપીએ છીએ.

આ અધિવેશનમાં સુમારે સાત હજાર માણસોની હાજરી હતી. તેમાં કોઇ અધિવેશનમાં નહીં તેટલી મોટી સંખ્યામાં સ્ત્રીઓની હાજરી હતી.

**પ્રથમ દિવસ**—તા. ૩૧–૭–૧૯૨૬ ના રોજ પ્રથમ બેઠક હતી. મુનિરાજ શ્રી વિચિક્ષણવિજયજી તથા મુનિરાજ શ્રી વિબુધવિજયજી તથા મુનિરાજ શ્રી દર્શનવિજયજી, મુનિરાજ શ્રી જ્ઞાનવિજયજી, મુનિરાજ શ્રી ન્યાયવિજયજી વગેરે મુનિમહારાજો તેમજ સાધ્વી મહારાજ વગેરે ચતુર્વિધ સંઘ એકઠો થયો હતો. મુંબઇ, દક્ષિણ, બંગાળ, પંજાબ, યુ. પી. મારવાડ, કચ્છ, ગુજરાત, કાઠીયાવાડ વિગેરે સ્થળના પ્રતિનિધિઓ પધાર્યા હતા. જૈનેતરમાં મી. હોર્નીમેન, મી. જમનાદાસ મહેતા, મી. જયકર, મી. નવરોજજી ડુમસીયા, મી. શીવદાસ, મી. બરજોરજી ભરૂચા, ડો. પટેલ અને શ્રીયુત લખમશી રવજી તેરશી વગેરે હતા. બંદોબસ્ત સાચવવા જૈન સ્વયંસેવક–મુંબઈની સેના મી. મંગળદાસ ખરીદીયા વગેરેની આગેવાની નીચે ઉત્સાહ અને શાંતિપૂર્વક દરેક કાર્યો કરતા હતા. આ મંડળે આ વખતે સારી સેવા બજાવી છે. તેમની મદદમાં અમદાવાદથી જૈન સેવા સમાજની એક ટુકડી ભાઇ પોપટલાલ શામળદાસની આગેવાની નીચે આવી પહોંચી હતી જેમણે પણ સેવામાં સારો ભાગ લીધો હતો.

પ્રથમ બપોરના એક વાગે કાર્ય શરૂ થતાં પ્રથમ મંગળાચરણ કર્યા બાદ આ અધિવેશનની સહાનુભૂતિના સંદેશા બહારગામથી આવેલા વાંચી સંભળાવવામાં આવ્યા હતા. જેમાં શ્રીમાન્ વિજયવલ્લભસૂરિજીનો જૈન જુવાનોની જવાબદારીવાળો, તેમજ આચાર્ય વિજયેન્દ્રસૂરિજી તથા મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજ તથા મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજના જૈન સમાજ જોગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહાનુભૂતિના સંદેશાઓ મનનીય હતા. જેમાં આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીનો લાંબો પત્ર કે જે ખાસ અધિવેશનમાં વાંચવામાં આવ્યો હતો અને જે વાંચતાં સર્વેના હ્રદયમાં અપૂર્વ ઉત્સાહ ફેલાયો હતો.

ત્યારબાદ સ્વાગત કમીટીના પ્રમુખશ્રીનું ભાષણ વંચાયું હતું. ત્યારબાદ પ્રમુખ નીમવાની દરખાસ્ત નીચે પ્રમાણે મૂકવામાં આવી હતી.

દરખાસ્ત મૂકનાર—શેઠ ગુલાબચંદ દેવચંદ ઝવેરી મુંબઇ, ટેકો આપનાર—શેઠ કસ્તુરભાઇ લાલભાઇ, શેઠ લલ્લુભાઈ દીપચંદ ઝવેરી મુંબઇ, શેઠ અમૃતલાલ કાળીદાસ; શેઠ કુંવરજી આણંદજી ભાવનગર, શેઠ બાલચંદ હીરાચંદ માલેગામ, બાબુ કીર્તિપ્રસાદ મીરટ.

ઉપર પ્રમાણે દરખાસ્ત મુકાયા બાદ પ્રમુખ સાહેબ શ્રીયુત્ બહાદુરસિંહજી સિંધીએ પોતાનું ભાષણ વાંચી સંભળાવ્યું હતું. ત્યારબાદ વિષયવિચારણી સમિતિની ચુંટણી થઈ હતી.

**બીજો દિવસ**—તા. ૧-૮-૨૬ અશાડ વદી ૮ રવીવારે પ્રથમ મંગળાચરણ કર્યા બાદ સહાનુભૂતિના તારો વંચાયા બાદ જૈન કોમે ગુમાવેલા જૈન આગેવાનો શેઠ મનસુખભાઈ ભગુભાઇ, શેઠ નરોત્તમદાસ ભાણજી, શેઠ નથમલજી ગુલેચ્છા, શેઠ હીરાલાલ બકોરદાસ, શેઠ વાડીલાલ સારાભાઇ તથા શેઠ શામજી લધા વગેરે માટે દિલસોજીનો ઠરાવ મુકવામાં આવ્યો હતો.

ત્યારબાદ નીચે પ્રમાણે બીજો ઠરાવ મુકવામાં આવ્યો હતો.

**ઠરાવ ૧**—શત્રુંજય ઉપરના અને તે સંબંધી જૈન કોમના અતિ પ્રાચીન અને કાળ જુના હક્કો ઉપર ત્રાપ મારનારા પાલીતાણા દરબારના જુદાં જુદાં કૃત્યો સામે શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું આ ખાસ અધિવેશન સખત વિરોધ જાહેર કરે છે અને તે હક્કોનું સંરક્ષણ કરવા હિંદી સરકારને વિનંતિ કરે છે.

દરખાસ્ત મુકનાર: રા. મોહનલાલ દલીચંદ દેશાઇ વકીલ, મુંબઇ.
ટેકો આપનાર: બાબુ રાજ કુમારસિંહજી, કલકત્તા.
અનુમોદન ,, રા. કુંવરજી આણંદજી, ભાવનગર.
,, ,, રા. દામોદર બાપુશા. યેવલા એ આપ્યાબાદ દરખાસ્ત પસાર થઇ હતી.

**ઠરાવ ૨**—જાત્રાળુઓ ઉપર કર નાંખવાના હક્કના બદલામાં જૈન કોમ પાસેથી દર વરસે એક લાખ રૂપીઆ લેવાનો પાલીતાણા દરબારને હક્ક છે એવી મતલબનો, અથવા, તેમ ન બને તો પાલીતાણે જતા જાત્રાળુઓ ઉપર માથા દીઠ બે રૂપીઆ લેખે મુંડકા વેરો નાંખવાની બહાલી આપનારો, તા. ૧૨-૭-૧૯૨૬નો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નં. પી. ૫૯ વાળો, વેસ્ટર્ન ઇન્ડીયા સ્ટેટસના નામદાર ગવર્નર જનરલના એજંટનો ચુકાદો પાલીતાણા દરબાર અને જૈન કોમ વચ્ચેના લાંબા વખતના અવિચ્છિન્ન ઐતિહાસિક પરંપરાગત સંબંધનો તેમજ આ બંને પાર્ટીઓ વચ્ચે થયેલા સંખ્યાબંધ કરારોના આશયનો અત્યંત ઘોર ભંગ કરે છે. તેથી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું આ ખાસ અધિવેશન તે ચુકાદા સામે પોતાનો સખ્તમાં સખ્ત વિરોધ જાહેર કરે છે અને મજકુર ચુકાદો માન્ય કરતું નથી.

દરખાસ્ત મુકનાર: રા. ઓધવજી ધનજી શાહ સોલીસીટર મુંબઇ.

ટેકો આપનાર: રા. મણીલાલ કોઠારી, ( કાઠીયાવાડ. )

અનુમોદન ,, રા. પોપટલાલ નાનચંદ, પુના

ત્યારબાદ શ્રીમાન્ વિશ્વામીત્ર કૌશીક પરમાર્થીએ આ દરખાસ્ત ઉપર વિવેચન કર્યું હતું. ત્યારબાદ આ દરખાસ્ત પસાર થઇ હતી.

**ઠરાવ ૩**—શ્રી **જૈન** શ્વેતાંબર કોન્ફરન્સનું આ ખાસ અધિવેશન નિશ્ચય પૂર્વક જાહેર કરે છે કે પાલીતાણે જતા **જૈન** જાત્રાળુઓ ઉપર કોઇ પણ પ્રકારનો જાત્રાવેરો નાંખવાનો પાલીતાણા દરબારને હક્ક નથી.

દરખાસ્ત મુકનાર: રા. ચીનુભાઇ લાલભાઇ સોલીસીટર મુંબઇ.

ટેકો આપનાર: રા. ફતેચંદ કપુરચંદ લાલન, કાઠીયાવાડ.

ત્યારબાદ મી. હોર્નીમેને આ ઠરાવને સચોટ રીતે ટેકો આપ્યો હતો.

ત્યારબાદ બેરીસ્ટર મી. જયકરે પણ આ દરખાસ્ત ઉપર સારૂં વિવેચન કરી જૈન સમાજને મક્કમ રહેવા જણાવ્યું હતું.

અનુમોદન આપનાર રા. બાબુભાઈ નાનચંદ, પુના.

,, ,, રા. હીરાલાલ સુરાના, સોજત, ( મારવાડ )

ત્યારબાદ આ દરખાસ્ત સર્વાનુમતે પસાર થઇ હતી.

**ઠરાવ ૪**—શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું આ ખાસ અધિવેશન એવો દઢ અભિપ્રાય ધરાવે છે કે પાલીતાણા જતા **જૈન** જાત્રાળુઓની સંખ્યા ગણવા સંબંધીનો વચગાળાનો હુકમ કે જે હવે રદ કરવામાં આવ્યો છે તે હુકમ કાઢવામાં પણ વેસ્ટર્ન ઇન્ડીઆ સ્ટેટસના એ. જી. જી. વ્યાજબી ન હતા અને આવી ગણત્રી માટે પાલીતાણા દરબારે બહાર પાડેલા તદ્દન અન્યાયી અને ત્રાસ આપે તેવા કાયદા કાનુનોને તેમણે બહાલી આપીને અને પાલીતાણા દરબારને ગણત્રી કરવાની સત્તા આપીને, જૈન કોમના સ્થાપિત અને પ્રાચીન હક્કો ઉપર ત્રાપ મારવામાં પોતાની સત્તાનો જે ટેકો આપ્યો છે તે સામે સખ્ત વાંધો ઉઠાવે છે.

દરખાસ્ત મુકનાર: રા. માણેકલાલ જેઠાભાઇ, મુંબઇ.

ટેકો આપનાર: રા. બાળચંદ હીરાચંદ, માલેગામ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુમોદન ,, લાલા મોતીલાલજી, લાહોર.

અનુમોદન આપ્યા બાદ સર્વાનુમતે આ દરખાસ્ત પસાર થઇ હતી.

**ઠરાવ ૫**—શ્રી શત્રુંજય ડુંગર સંબંધી જૈન કોમના હક્કોની તપાસ ચલાવવા માટે અને પાલીતાણા સ્ટેટ અને જૈન કોમ વચ્ચેના હંમેશનાં ઝઘડા બંધ કરવાને સારૂ ઉપાયો યોજવા પ્રતિનિધિત્વવાળું તપાસ માટેનું કમીશન નીમવા બ્રિટીશ સરકારને શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું આ ખાસ અધિવેશન વિનંતિ કરે છે.

દરખાસ્ત મુકનાર: રા. માણેકલાલ મનસુખભાઈ, અમદાવાદ.

ટેકો આપનાર: રા. મકનજી જે મ્હેતા, બેરીસ્ટર, મુંબઇ.

શ્રીમાન ભરૂચાએ આ દરખાસ્ત ઉપર ત્યારબાદ વિવેચન કર્યું હતું.

અનુમોદન ,, રા. નરસીદાસ નથુભાઇ સાયલા.

ત્યારબાદ શ્રી સૌરાષ્ટ્રપત્રના અધિપતિ શ્રીયુત અમૃતલાલ શેઠે વિવેચન કર્યું હતું, ત્યારબાદ હિંદુ મહાસભાના મંત્રી મી. શિવદાસ ચાંપસીએ વધુ ટેકો આપ્યો હતો ત્યારબાદ કુંવર બ્હેને સ્ત્રી વર્ગ તરફથી આ દરખાસ્તને ટેકો આપ્યા બાદ આ દરખાસ્ત સર્વાનુમતે પસાર થઇ હતી.

## ત્રીજો દિવસ. તા. ૨-૮-૧૯૨૬

શરૂઆતમાં મંગળાચરણ થયા બાદ સહાનુભૂતિના તારો વાંચી સંભળાવ્યા હતા. ત્યાર બાદ શેઠ આણંદજી કલ્યાણજી અને જૈન કોન્ફરન્સના ઐકય સંબંધે શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ કેટલાક ખુલાસા કર્યા હતા અને તેના જવાબમાં પ્રમુખશ્રીએ પરસ્પરનો વિશ્વાસ અને સહાનુભૂતિભર્યો પ્રત્યુત્તર આપવા પછી બીજા ઠરાવો નીચે પ્રમાણે હાથ ધરવામાં આવ્યા હતા.

**ઠરાવ ૬**-શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું આ ખાસ અધિવેશન વર્તમાન તકરારી બાબતોનો સંતોષકારક નિવેડો ન આવે ત્યાં સુધી યાત્રાએ ન જવાને સમસ્ત હિંદના જૈનોને આગ્રહ કરે છે. **પ્રમુખસ્થાનેથી**

**ઠરાવ ૭**-શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું આ ખાસ અધિવેશન ઇચ્છે છે કે જૈન કોમના પ્રતિનિધિઓ-શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ શ્રી શત્રુંજય ડુંગર સાથે સંબંધ ધરાવતી સઘળી બીનાઓને લગતું સાહિત્ય અંગ્રેજી, હીંદી અને ગુજરાતીમાં બહોળે હાથે અને સર્વે સ્થળે વ્હેંચવું, તથા પાલીતાણાની બાબતો સંબંધી નવા બનાવોને લગતી છેલ્લામાં છેલ્લી ખબરો વખતોવખત પ્રગટ કરવી અને જેમ જેમ જરૂર પડે તેમ તેમ વખતો વખત હીંદના સર્વ સ્થળોના આગેવાન ગૃહસ્થોની સલાહ લેવી. **પ્રમુખસ્થાનેથી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઠરાવ** ૮–શ્રી શત્રુંજય ઉપરના જૈનોના સ્થાપિત હક્કો સંબંધી પાલીતાણા દરબાર સામેની જૈનોની ફરીયાદોના અને મજકુર દરબાર સાથેના વાંધાઓના નિકાલ માટે જૈનો કે જેઓ મોટે ભાગે બ્રીટીશ પ્રજા છે તેઓએ પ્રથમ ઇન્સાફ માટે પાલીતાણા દરબાર પાસે જવું—એવી ફરજ પાડનારી બ્રીટીશ સરકારની હાલની વલણ માટે શ્રી જૈન શ્વે૦ કોન્ફરન્સનું આ ખાસ અધિવેશન અત્યંત દિલગીરી જાહેર કરે છે અને જૈનો તથા પાલીતાણા દરબાર વચ્ચેના સર્વે વાંધાઓની બાબતમાં એકદમ વચ્ચે પડવા અને જૈનોની હાડમારીઓ દૂર કરવા બ્રીટીશ સરકારને દૃઢ આગ્રહ કરે છે.

દરખાસ્ત મુકનાર:—બાબુ દયાલચંદજી, આગ્રા

ટેકો આપનાર:—રા. અમૃતલાલ દલપતભાઇ શેઠ, કાઠીયાવાડ.

અનુમોદન આપનાર:—

બાઈ મીઠાંબાઈ મેઘજી ખેતસી, મુંબઇ.

બાઇ મંગળાબાઇ મોતીલાલ ફકીરચંદ, મુંબઇ.

રા. ડાહ્યાભાઇ ચુનીલાલ, અમલનેર.

રા. મહાસુખભાઈ ચુનીલાલ. વીસનગર.

રા. મૂળચંદ આશારામ ઝવેરી, અમદાવાદ.

રા. પોપટલાલ ટી. શાહ, કરાંચી.

રા. ચીમનલાલ નાથાલાલ, અમદાવાદ.

રા. શીવજી દેવશી, કચ્છ.

રા. મણીલાલ પાદરાકર, પાદરા.

૯. શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું આ ખાસ અધિવેશન ઠરાવ ૧ થી ૭ અને નવની નકલો સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઇન્ડીઆને, નામદાર વાઇસરૉયને, મુંબઈના નામદાર ગવર્નરને અને ઠરાવ એકથી આઠ સુધીની નકલ શેઠ આણંદજી કલ્યાણજીને મોકલી આપવા પ્રમુખશ્રીને સત્તા આપે છે.

દરખાસ્ત કરનાર:—બાબુ રાજકુમારસિંહજી.

ટેકો આપનાર:—રા. મોતીલાલ વીરચંદ, માલેગાંવવાળા.

## ચોથો દિવસ. તા. ૩–૮–૨૬ અશાડ વદી ૧૦ મંગળવાર.

કોન્ફરન્સ પાસે રજુ થયેલા કામોને નહીં પહોંચી શકવાથી આજે ચોથા દિવસની બેઠક મળી હતી.

પ્રથમ મંગળાચરણ થયા બાદ નીચે મુજબ ઠરાવો પસાર થયા હતા.

આજે પ્રથમ પ્રમુખસ્થાનેથી પ્રથમ દરખાસ્ત પસાર થયા બાદ બીજા ઠરાવ માટે પ્રથમ મણીલાલ કોઠારી બોલવા ઉભા થયા હતા તેને જુદા જુદા વકતાઓએ અનુમોદન આપ્યા બાદ તે ઠરાવની રૂઇએ પ્રચાર કાર્યને અંગે જરૂરી ખર્ચને પહોંચી વળવા, ભાઇ મણીલાલે અસરકારક રીતે અપીલ કરી હતી, કે જેથી તેના પરિણામે તેજ વખતે નાણાનો વરસાદ શરૂ થયો હતો, જેમાં સોનાની વીંટી, ચેઇન,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાંકળી વગેરે આપી વ્હેનો અને બંધુઓએ પોતાની લાગણી પવિત્ર તીર્થ માટે બતાવી હતી, શુમારે બાર હજાર રૂપૈયા થયા હતા. આ ફંડનો ઉપયોગ કોન્ફરન્સે નીમેલી કમીટી શ્રી શત્રુંજયને અંગે પ્રચાર કાર્યમાંજ કરશે અને તેમાંથી બચત રહેશે તો બીજા તીર્થના અંગે વાપરવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

૧૦. શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું આ ખાસ અધિવેશન એપ્રિલ ૧૯૨૫ માં ભરાયલાં કન્વેન્શનમાં સુધરેલાં અને પસાર થયલાં નવાં બંધારણની વિચારણા અને મંજુરી હવે પછીની કોન્ફરન્સની બેઠકપર મુલતવી રાખે છે અને જ્યાં સુધી એવી મંજુરી ન મળે ત્યાં સુધી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની દશમી બેઠકમાં પસાર થયલું બંધારણ ચાલુ રહેશે. પ્રમુખસ્થાનેથી

૧૧. શ્રી શત્રુંજય સંબંધી જે વિવિધ સ્વાલો જૈન કોમને અસર કરી રહ્યા છે અને ખળભળાવી રહ્યા છે, તે સંબંધી કોમને યોગ્ય શિક્ષણ આપવા અને જાગૃત કરવા સમસ્ત હિંદની જૈન કૉન્ફરન્સનું આ ખાસ અધિવેશન નીચેના ગૃહસ્થોની એક સમિતિ પોતાની સંખ્યામાં વધારો કરવાની સત્તા સાથે નીમે છે, જે સમિતિ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓની સૂચના મુજબ કામ કરશે. સમિતિના સભ્યો દેશના જુદા જુદા ભાગમાં મુસાફરી કરશે અને ચળવળ ચલાવવાને જરૂરી માલૂમ પડતાં સઘળા પગલાં લેશે.

૧. રા. મણિલાલ કોઠારી, કાઠીઆવાડ, ૨. બાબુ દયાલચંદજી, આગ્રા.
૩. બાબુ કીર્તિપ્રસાદજી, મીરટ. ૪. મણિલાલ ખુશાલચંદ પાલણપુર.
૫. રા. હીરાલાલ સુરાણા, સોજત. ૬. પોપટલાલ રામચંદ શાહ પુના.

દરખાસ્ત કરનાર રા. મણીલાલ કોઠારી–કાઠીયાવાડ.

ટેકો આપનાર ,, મોહનલાલ ભગવાનદાસ ઝવેરી. મુંબઇ.
,, ,, બાબુકીર્તિપ્રસાદજી, મીરટ.
,, ,, ફુલચંદ. એચ. દોશી–ગુજરાનવાલા.
,, ,, અમીચંદ ખેમચંદ, મુંબઈ.
,, ,, માણેકચંદજી, લાહોર.
,, ,, મણીલાલ–એમ. શાહ–મુંબઇ,
,, ,, પોપટલાલ. ટી. શાહ. કરાંચી.
,, ,, મણીલાલ ખુશાલચંદ, પાલણપુર.
,, ,, ડૉ. નાનચંદ કે. મોદી, મુંબઈ.
,, ,, આપાલાલ ચુનીલાલ, અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારબાદ બારમો ઠરાવ સુકૃત ભંડાર ફંડ માટે નીચે મુજબ રજુ થયો હતો. અને ત્યારબાદ પ્રમુખ શ્રીનો ઉપસંહાર, પરસ્પર આભાર, ભેટ અને આગામી કોન્ફરન્સને આમંત્રણ વગેરે નીચે મુજબ જાહેર થયું હતું.

તે પછી સુકૃત ભંડાર ફંડનો ઠરાવ શેઠ કુંવરજી આણંદજીની દરખાસ્ત અને શેઠ સારાભાઇ મગનલાલના અનુમોદનથી પસાર કરવા પછી પ્રમુખ શ્રીબહાદુરસિંહજી, સ્વાગત કમિટિ, ડેલીગેટો, વોલંટીયરો, વર્તમાન પત્રકારો અને માધવબાગના વ્યવસ્થાપકોનો ઉપકાર માનવાના ઠરાવો થયા હતા. અને તેના વળતા ઉત્તરો અપાયા હતા. છેવટે પ્રમુખ સાહેબે તીર્થનું મહત્વ સમજાવી તેવી પવિત્ર ભૂમિકા તરફ વીશમી સદીમાં થયેલી નાદીરશાહી માટે દુઃખ જાહેર કરતાં સમાજ સેવા માટે પોતા તરફથી યથાશક્તિ સેવા આપવાને વચન આપ્યું હતું. તથા સુકૃત ભંડાર ફંડમાં રૂા. ૨૫૦૧) મુંબઇ સ્વયંસેવક મંડળ ૫૧) કચ્છી વોલંટીઅર કોર ૫૧) તથા રૂા. ૫૧ અમદાવાદ જૈન સેવા સમાજ મંડળને ભેટ કરી તેમની સેવાની કદર કરી હતી તથા રૂા. રૂા. ૨૦૧ શ્રીમાંગરોળ જૈનસભાની બાળાઓના સંગીતથી ખુશી થઇ સભાને ભેટ કર્યા હતા. જ્યારે સ્વાગત કમિટિના પ્રમુખ શેઠ રવજી સોજપાળ તરફથી રૂા. ૨૦૧ સુકૃત ભંડાર ફંડમાં રૂા ૧૦૧ ત્રણે વોલંટીઅર મંડળોને અને રૂા ૧૦૦૧ માંગરોળ સભાને પેટ્રન તરીકે આપવાનું જાહેર કર્યું હતું. તથા જૈન ગુરૂકુળમાં રૂા દશહજારની રકમ આપનાર શેઠ સારાભાઇ મગનલાલ મોદી તરફથી કોન્ફરન્સને રૂા ૨૫૦૦) જૈન એજ્યુકેશન બોર્ડ માર્ફત લેવાતી ધાર્મિક ઇનામી પરીક્ષામાં સને ૧૯૨૭ થી પાંચવર્ષ માટે વાર્ષિક રૂા ૫૦૦) પ્રમાણે વહેંચવાને આપવામાં આવ્યા હતા.

**આગામી કોન્ફરન્સઃ—**

તે પછી શ્રીમાન ગુલાબચંદજી ઢઢ્ઢાએ, આવતી કોન્ફરન્સ પોતાને આંગણે લઈ જવાને ગામના બે ગ્રહસ્થો તરફથી પોતાના સંઘને તાર કરી પરવાનગી માગી છે તેનો જવાબ હજુ ફરી વળ્યો નહોતો, તે દરમિયાન સોજતના શ્રી સંઘ તરફથી વકીલ હીરાલાલ સુરાણાએ આવતી કોન્ફરન્સ પોતાને આંગણે નોતરવાનું આમંત્રણ આપવાથી તાળીઓના અવાજ વચ્ચે વધાવી લેવામાં આવ્યું હતું.

**પૂર્ણાહૂતિઃ—**

છેવટે કોન્ફરન્સના કાર્યને સમાપ્ત કરવા પહેલાં પ્રમુખ શ્રી બહાદૂરસિંહજીએ જણાવ્યું કે આપણે આજે ધાર્મિક આફત વિદારવા માટે ભેગા મળ્યા છીએ. આવા ધાર્મિક આક્રમણો સામે આપણે ધર્મનું બળ વધારવાની જરૂર છે તેમજ આપણી લાગણીનો એકસરખો ખ્યાલ રાખવા ભક્તિની જરૂર છે. માટે દરેકે બે મીનીટ ઉઘાડે પગે શાંત ચિત્તે ઉભા રહીને નવકાર મંત્રનું આરાધન કરવું. તે ઉપરથી તુર્ત આખી સભાએ બે મીનીટ ધ્યાનમાં ઉભા રહી મહામંત્રારાધન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવા પછી શ્રી આદીશ્વર ભગવાનની જય બોલતાં કોન્ફરન્સ બરખાસ્ત થયેલી જાહેર કરવામાં આવી હતી.

---

## શ્રી ભારતીય જૈન સ્વયંસેવક પરિષદનું- મુંબઇમાં મળેલું પ્રથમ અધિવેશન.

હિંદના જુદા જુદા શહેરોમાં ચાલતા સ્વયંસેવક મંડળોના કાર્ય અને સંબંધનું એકત્રબળ તૈયાર કરવાને મુંબઇ ખાતે તા. ૨-૩-૪ ઓગષ્ટ સોમ-મંગળ-બુધવારે માધવબાગમાં કોન્ફરન્સના મંડપમાં મળ્યું હતું. તેમાં ડેલીગેટો ઉપરાંત કોન્ફરન્સમાં આવેલા આગેવાન ગ્રહસ્થો, સ્થાનિક શ્રીમાનો, મુનિરાજો, સાધ્વીજી મહારાજો અને સ્ત્રીવર્ગની મોટી હાજરી હતી. સ્થાનીક સંભાવિત ગ્રહસ્થોએ પણ હાજરી આપી હતી. જેમાં શ્રીમાન્ મહેતા બારીસ્ટર ધીરજલાલ વગેરે પણ હતા. કલકત્તેથી ઇન્ડીયા સ્વયંસેવક મંડળના નેતા મી. હાર્ડીકર પણ ખાસ પરીષદમાં ભાગ લેવા પધાર્યા હતા.

કાર્યની શરૂઆતમાં મંગળાચરણ તથા સ્વાગત ગીત ગવાયા પછી સ્વાગત સમિતિના પ્રમુખ શ્રી મંગળદાસ નથુભાઇ અરીદીયાએ પરીષદનો ઉદ્દેશ, સેવાની મહત્તા અને હાલનો તીર્થરક્ષાનો પ્રસંગ સમજાવનારૂં ભાષણ કર્યું હતું.

ત્યારબાદ પરિષદને મળેલી મહાન પુરૂષોના સુચક અવલંબન આદેશો તથા સ્હાનુભૂતિ દર્શાવનારા સંદેશા, વાંચવામાં આવ્યા હતા.

તે પછી ઝવેરી મોહનલાલ ભગવાનદાસ સોલીસીટરની દરખાસ્ત અને શેઠ લલ્લુભાઈ કરમચંદ દલાલ, શેઠ વાડીલાલ પુનમચંદ, શેઠ માણેકલાલ જેઠાભાઇ જે. પી. શા પોપટલાલ નાનચંદ, રા. મણીલાલ પાદરાકર, શા કુરપાલ શામજી તથા શા. પોપટલાલ ત્રીભોવનના અનુમોદનથી શાંતિદાસ શેઠના નબીરા શેઠ અમૃતલાલ કાળીદાસ અમદાવાદવાળાને પ્રમુખસ્થાન આપવા પછી પ્રમુખશ્રી તરફથી સેવાધર્મ અને તિર્થરક્ષા સંબંધે અસરકારક ભાષણ આપવામાં આવ્યું હતું.

પરીષદે તે પછી બે દિવસમાં પોતાનું બંધારણ રચવા ઉપરાંત જુદા જુદા ઠરાવો પસાર કર્યા હતા. જેમાં સ્વયંસેવક મંડળનો વિકાશ કરવા, વ્યાયામશાળાઓ સ્થાપવા, સેવાની તાલીમ આપનારા સાહિત્યનો પ્રચાર કરવા, શ્રી શત્રુંજય તીર્થના અંગે શેઠ આણંદજી કલ્યાણજીના કાર્યમાં બનતી સેવા આપવા. ના. વોટસન સાહેબના ઠરાવ સામે વિરોધ જાહેર કરી તેના સામે લડત ચલાવવાના કાર્યને સ્હાનુભૂતિ આપવા, ધાર્મિક રક્ષણ માટે બ્રીટીશ વચન તરફ ધ્યાન ખેંચવા અને સત્યાગ્રહની જરૂર પડે તો તે માટે તાલીમ લેવાના ઠરાવો મુખ્ય હતા.

બાબુ કીર્તિપ્રસાદ અને હિંદી સેવાદળવાળા શ્રીયુત્ હાર્ડીકરે સ્વયંસેવકોમાં પ્રેરણા પૂરવા જુસ્સાદાર વ્યાખ્યાનો આપ્યાં હતાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પરિષદ ફંડઃ—

ત્રીજે દિવસે ચાલતા કામે મુંબઇની ગુજરાત વ્યાયામશાળા તરફથી કસરતના જુદા જુદા પ્રયોગો કરી બતાવીને વ્યાયામના ઠરાવની પ્રત્યક્ષ મહત્તા સમજાવી હતી; તેમજ પરીષદના કાયમી બંધારણ અને પ્રચારક કાર્યનો ઠરાવ પસાર કરતાં પરીષદના કાર્યને પહોંચી વળવાને રૂા. ૫૦૧) પ્રમુખ શ્રીમાન્ અમૃતલાલ કાળીદાસે આપવાને જાહેર કરવાથી તેજ વખતે છુટક મદદના નામો બોલાવા લાગ્યાં હતાં, જેનો સરવાળો લગભગ તેરસો રૂપિયાનો થયો હતો. જ્યારે પ્રમુખ તરફથી જૈન સ્વયંસેવક મંડળને રૂા. ૧૦૦૧), અમદાવાદ જૈન સ્વયંસેવક મંડળને રૂા. ૨૫૧), અમદાવાદ જૈન સેવાસમાજને રૂા. ૨૫૧) મુંબઇ કચ્છી વોલંટીઅર મંડળને રૂા. ૫૧) મહારાષ્ટ્ર મંડળને રૂા. ૫૧) તથા ભાવનગરના વડવા જૈન મિત્રમંડળને રૂા. ૨૫) વ્યાયામશાળાને રૂા. ૧૦૧) ની મદદ જાહેર કરી હતી તથા માંગરોળ સભાની બાળાઓને કાપડના ઇનામ વહેંચ્યાં હતાં જ્યારે મુંબઇના જૈન સ્વયંસેવક મંડળને છુટક મદદ મળી રૂા. ૨૨૫૦) જેટલું ફંડ થયું હતું. ત્યારબાદ પ્રમુખે અંતથી આરંભેલ કામને પાર ઉતારવાને ભલામણ કરવા પછી જરૂરી ઠરાવો યોગ્ય સ્થળે મોકલવાને પ્રમુખને સત્તા આપવામાં આવી હતી. ત્યારબાદ પ્રમુખ, ડેલીગેટો, વર્તમાનપત્રો, કાર્યવાહક મંડળ અને મંડપ વાપરવા આપવા માટે કોન્ફરન્સનો ઉપકાર માનવામાં આવ્યો હતો.

## આવતી પરિષદ—

તે પછી આવતી પરિષદ અમદાવાદમાં ભરવાને ત્યાંના જૈન સ્વયંસેવક મંડળે આમંત્રણ કરતાં તે સ્વીકારવા પછી જયનાદ વચ્ચે પરિષદનું કાર્ય સંપૂર્ણ થયાનું જાહેર કરવામાં આવ્યું હતું.

# શ્રી ભારતીય જૈન સ્વયંસેવક પરિષદના ઠરાવો.

**ઠરાવ ૧**—ધર્મ, દેશ અને કોમના અભ્યુદય અર્થે જુદી જુદી દિશામાં કાર્ય કરી શકે અને સંગઠ્ઠનબળ વધારી શકે તેવા આત્મભોગ આપનારા સ્વયંસેવકોની આ પરિષદ અતિ આવશ્યકતા સ્વીકારે છે અને દરેક ગામ અને શહેરમાં, સેવાભાવના પ્રદિપ્ત કરી સ્વયંસેવક મંડળો સ્થાપવા અને અસ્તિમાં આવેલ મંડળોને સંગીન કરવા બંધુઓને આગ્રહપૂર્વક વિનંતિ કરે છે અને તે બાબતના જરૂરી પગલાં લેવા આ પરિષદ ઠરાવ કરે છે.

દરખાસ્ત કરનાર—રા. બાબુ કીર્ત્તિપ્રસાદજી ( યુ. પી. )

અનુમોદન આપનાર—રા. પંડીત ફતેહચંદ કર્પુરચંદ લાલન (કાઠીયાવાડ).

,, રા. ગોકળદાસ સાંકળચંદ શાહ ( અમદાવાદ )

,, રા. પોપટલાલ રામચંદ શાહ ( મહારાષ્ટ્ર )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



,, રા. કુરપાળ શ્યામજી જીવાણી ( મુંબઇ )
,, રા. વાડીલાલ સાંકલચંદ ઉપદેશક.

**ઠરાવ ૨**—કોમની શારીરિક સંપત્તિની ખીલવણી અર્થે દરેક ગામ અને શહેરમાં વ્યાયામશાળાઓ સ્થાપવા આ પરિષદ્ મહત્વનું ગણે છે અને તેવી સંસ્થાઓને સંગીન રીતે ચાલુ રાખવા ભલામણ કરે છે.

દરખાસ્ત કરનાર:—રા. મણિલાલ મોહનલાલ પાદરાકર ( પાદરા ).

અનુમોદન આપનાર—અમૃતલાલ વાડીલાલ શાહ ( મુંબઇ ).
રા. મૂલચંદ આશારામ વૈરાટી ( અમદાવાદ ), રા. અમીચંદ ખેમચંદ ( પાટણ ), રા. કુંવરજી જેઠાભાઇ ( મુંબઇ ) રા. પોપટલાલ સાંકળચંદ ( ભાવનગર ), સૌ. બેન હીરાબેન મોતીચંદ ( વીજાપુર ).

**ઠરાવ ૩**—સ્વયંસેવકો પોતાની ફરજ પૂર્ણપણે અદા કરી શકે અને તેઓમાં જોઇતી તાલીમનું જ્ઞાન વૃદ્ધિ પામે તે અર્થે સઘળું જરૂરી સાહિત્ય અને સાધનો સંગ્રહવા અને તેનો સર્વત્ર ફેલાવો કરવા દરેક ગામ અને શહેરના મંડળોને આ પરિષદ્ આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

દરખાસ્ત મુકનાર—રા. પંડીત ફત્તેહચંદ કર્પુરચંદ લાલન ( કાઠીયાવાડ ).
અનુમોદન આપનાર—રા. મણીલાલ મોહનલાલ પાદરાકર ( પાદરા ).
,, રા. પોપટલાલ રામચંદ ( મહારાષ્ટ્ર ).
,, રા. વીરજી ગંગાજર મૈશરી ( મુલુંદ ).

**ઠરાવ ૪**—અખિલ હિન્દના જૈનકોમની પ્રતિનિધિત્વ ધરાવતી શ્રીમાન્ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી શત્રુંજય તીર્થને માટે જે લડત ચલાવવામાં આવે છે તેમાં આ પરિષદ્ પોતાનો સંપૂર્ણ વિશ્વાસ ધરાવે છે, અને આ લડતમાં સંપૂર્ણ વિજય મળે ત્યાંસુધી પોતાની સઘળી શક્તિઓ અર્પવાનું જાહેર કરે છે. **( પ્રમુખસ્થાનેથી )**

**ઠરાવ ૫**—શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સને આ પરિષદ્ અભિનંદન આપે છે અને તેના દરેક કાર્યમાં ફાળો આપવાનો ઠરાવ કરે છે. **( પ્રમુખસ્થાનેથી )**

**ઠરાવ ૬**—વેસ્ટર્ન ઇન્ડીયા સ્ટેટ્સના ગવર્નર જનરલના એજન્ટ મી. વોટસને શત્રુંજય તીર્થ સંબંધી ચુકાદો આપ્યો છે તે જૈનકોમના પરાપૂર્વના સ્થાપિત હક્કોને છીનવી લેનાર હોવાથી, તે તરફ આ પરિષદ્ પોતાનો સખ્ત વિરોધ જાહેર કરે છે અને તે ચુકાદાને ફેરવવા દરેક જાતના મક્કમ પગલાં ભરવાની આવશ્યકતા સ્વીકારે છે. **( પ્રમુખસ્થાનેથી )**

**ઠરાવ ૭**—વેસ્ટર્ન ઇન્ડીયા સ્ટેટ્સના ગવર્નર જનરલના એજન્ટના ચુકાદાથી આપણા શત્રુંજય તીર્થ ઉપરના પરાપૂર્વના સ્થાપિત હક્કો લુંટાયા છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ધાર્મિક યુદ્ધમાં વિજય મેળવવા માટે સંજોગવશાત્ સત્યાગ્રહની પવિત્ર લડત લડવાનો આપણને પ્રસંગ આવે તો આ પરિષદ દરેકે દરેક ગામ અને શહેરના ધર્મ પ્રિય બન્ધુઓને તેમાં જોડાવા આગ્રહપૂર્વક ભલામણ કરે છે અને લડત સંપૂર્ણ ફતેહમંદીથી પાર ઉતારવાની આવશ્યકતા સ્વીકારે છે અને તે બાબતમાં જરૂરી પગલાં લેવા આ પરિષદ્‌ની ભારતીય કાર્યવાહક સમિતિને સત્તા આપે છે.

દરખાસ્ત મુકનાર—રા. મણીલાલ ખુશાલચંદ પારેખ ( પાલણપુર )
અનુમોદન આપનાર—રા. કુલચંદ હરીચંદ દોશી ( પંજાબ )
,, રા. મણીલાલ કોઠારી ,, શ્રીયુત્ નીઝામુદ્દીન
,, બેન હીરાબેન મોતીલાલ બેન વાલીબેન વીરચંદ
,, રા. હરિલાલ દેવચંદ કુંડલાકર ( ભાવનગર )
,, રા. નગીનદાસ શીવલાલ ( અમદાવાદ )
,, રા. પ્રભુદાસ અમૃતલાલ ( શીવપુરી )
,, રા. મોહનલાલ દીપચંદ ચોકશી ( ખંભાત )

**ઠરાવ ૮ મો**—શ્રી ભારતીય જૈન સ્વયંસેવકપરિષદ્‌નું બંધારણ નક્કી કરવાનું આ પરિષદ્ ઠરાવે છે. ( પ્રમુખસ્થાનેથી )

**શ્રી જૈન મહિલા સમાજ સંમેલન**--મુંબઈ, તા. ૩-૮-૨૬ મંગળવારના રોજ કોન્ફરન્સના મંડપમાં સવારમાં મળ્યું હતું અનેક બ્હેનોએ તેમાં હાજરી આપી હતી. પ્રથમ શ્રી સાધ્વીજી મહારાજે શ્રાવિકા-કર્તવ્ય સમજાવી પવિત્રતીર્થ ખાતર મોજ શોખ વગેરે છોડવા ભલામણ કરી હતી. ત્યારબાદ શેઠ હીરાલાલ અમૃતલાલના ધર્મપત્ની અને ભાવનગર વાળા શેઠ ગીરધરભાઈ આણંદજીના સુપુત્રી મોંઘી બ્હેને પ્રમુખસ્થાનેથી મનનીય એક ભાષણ આપ્યું હતું. જે બીજા પેપરોમાં પ્રકટ થયેલ છે, ત્યારબાદ બીજી બ્હેનોએ તથા બંધુઓએ તે ઉપર વિવેચનો કર્યા હતા. આ કોનફરન્સના ખાસ અધિવેશનનો આ મહિલાસમાજ સંમેલને સરસ સત્કાર કર્યો છે, અને પુરૂષ વર્ગના આવા કાર્યની અનુમોદના સચોટ આવી રીતે સ્ત્રી વર્ગ જે કોમમાં આપે તે કોમનો શુભ ઉદય અને વિજય ચોકસ છે એમ માનવામાં જરાપણ સંદેહ નથી; જેથી યાત્રા ત્યાગ માટેનો આપણો અસહકાર નિયમ સંપૂર્ણ રીતે છેવટ સુધી જળવાઇ રહેશે તે નિઃસંદેહ છે.

આ મહિલાસમાજમાં કાર્યવાહિકા બ્હેનોએ તેમાં જે ઉત્સાહ, લાગણી અને સમયજ્ઞપણું બતાવ્યું છે તે માટે તેઓ ખરેખર ધન્યવાદને પાત્ર છે. જૈન સમાજના અનેક કાર્યોમાં પુરૂષોની પડખે ઉભા રહી આવોજ ઉત્સાહ અનુમોદના અને સમયાનુસાર સહકાર નિરંતર આપણી કોમનો મહિલાવર્ગ બતાવે તેવી અધિષ્ટાયક દેવ પ્રત્યે પ્રાર્થના કરીયે છીયે.

આવી રીતે આ ચાર સંમેલનો પૂર્ણ ઉત્સાહ, લાગણી, સંપ અને ઐક્યતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બતાવી પૂર્ણ થયા છે, જેથી ભવિષ્યમાં શ્રી પરમપવિત્ર શત્રુંજય તીર્થ માટે આપણો વિજયજ થશે એમ તેના સુચિન્હો રૂપે તે જણાવ્યું છે. પરમાત્માની કૃપાથી એવો આનંદ પૂર્વક અવસર જલદી પ્રાપ્ત થાય એજ.

## ભાવનગરમાં શોકમય દિવસ.

શહેર અમદાવાદમાં તા. ૨૭–૭-૧૯૨૬ સં. ૧૯૮૨ ના અશાડ વદી ૩ ના રોજ સમગ્ર હિંદના પ્રતિનિધિઓ વગેરે ( શ્રી સંઘે ) મળી તા. ૧૫–૮–૨૬ ના રોજ આખા હિંદમાં જૈનોને માટે શોકનો દિવસ પાળવો તેવો ઠરાવ કરેલો જેથી તેજ રોજ સં. ૧૯૮૨ ના શ્રાવણ શુદી ૭ રવીવાર તા. ૧૫–૮–૨૬ ના રોજ આ શહેરમાં પ્રથમ સહવારે ચતુર્વિધ સંઘ મળ્યો હતો. પ્રથમ તે દિવસના કર્ત્તવ્ય ઉપર કેટલાક બંધુએ વિવેચન કર્યા બાદ એક કલાક સર્વેએ શ્રી શત્રુંજયનું ધ્યાન ધર્યું હતું. બપોરના મોટા દેરાસરમાં શ્રી શત્રુંજયની નવાણુ પ્રકારી પૂજા ભણાવી હતી. આખો દિવસ દરેક જૈનોએ અણોજો પાળ્યો હતો. એ રીતે ક્રિયા કરી શોક પ્રદર્શીત કર્યો હતો.

# સ્વિકાર–સમાલોચના.

**મેઘમહોદય–વર્ષપ્રબોધ–કર્ત્તા શ્રીમાન્ મહોપાધ્યાય શ્રીમેઘવિજયજી ગણિ—** જૈન મહાત્માઓ વિવિધ પ્રકારનું સાહિત્ય જન સમાજને માટે રચી ઉપકાર કરી ગયા છે, કે જે તત્ત્વજ્ઞાન, આચાર, ક્રિયા, કથા વગેરે સાહિત્ય મોજુદ છે. તેમ જ્યોતિષ, વૈદ્યક વગેરે ગ્રંથો પણ પૂર્વાચાર્ય રચીત છે, છતાં તેવા ગ્રંથો પ્રકાશમાં બહુ ઓછા આવે છે, તેવા સંયોગમાં આ જ્યોતિષનો ગ્રંથ પ્રગટ થયેલ જોઇ ખુશી થવા જેવું છે. આ ગ્રંથમાં તેર અધિકાર છે. જેમાં અનેક વિષયો જેવા કે આ વર્ષ કેવું છે ? વરસાદ કયારે અને કેટલો થશે ? આ વર્ષ સુકાળ છે કે દુષ્કાળ ? અનાજ સસ્તું થશે કે મોઘું ? અને ફલાદેશ, શકુન નિરૂપણ વગેરે અનેક જાણવા યોગ્ય વિષયનો સંગ્રહ છે. આ ગ્રંથના રચનાર મહાત્મા શ્રી હીરવિજયસૂરિ મહારાજની પટ્ટ પરંપરાએ અઢારમી સદીમાં થયેલા છે. તેમણે શ્લોકબદ્ધ આ ગ્રંથ રચેલ છે, જેનું ભાષાંતર હિંદિ ભાષામાં પંડિત ભગવાનદાસજી જૈને અનેક બીજી:પ્રતો સાથે રાખી શુદ્ધ રીતે કરી મૂળ અને ભાષાંતર બંને આ ગ્રંથમાં આપેલ છે. જેથી સંસ્કૃતના અભ્યાસી અને હિંદી ભાષાના જાણકાર માટે આવકારદાયક છે. ગ્રંથ વાંચવા અને જાણવા જેવો છે. કિંમત ચાર રૂપૈયા મળવાનું સ્થળ–બીકાનેર–રજપુતાના પ્રગટકર્તાને ત્યાં-શેઠીયા પ્રીન્ટીંગ પ્રેસ.

**શ્રીશત્રુંજય પ્રકાશ અને જૈનો વિરૂદ્ધ–પાલીતાણા, લેખક–શેઠ દેવચંદ દામજી કુંડલાકર શ્રીજૈનપત્રના અધિપતિ, ભાવનગર.**—અમોને આ બુક સમાલોચનાર્થે ભેટ મળેલ છે. અત્રે શ્રીશત્રુંજય સંબંધી ચાલતા કેસના પ્રસંગે અને મી. વોટસન સાહેબના ન્યાય વિરૂદ્ધ ફેસલાથી જે વખતે જૈન સમાજનું હૃદય અત્યંત દુભાયેલ છે, તેવા ખાસ પ્રસંગે શ્રીશત્રુંજયનો આગલો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક હજાર વર્ષનો ઇતિહાસ, તેપર જૈનોની માલેકી-સ્વતંત્ર હક્કો, કેવા છે, ઇતિહાસિક દૃષ્ટિએ કેમ ક્યારે સંપાદન થયેલા છે તે દરેકે દરેક જૈનોએ જાણવુંજ જોઇએ તે સર્વ સવિસ્તર જણાવનાર આ ગ્રંથ તેના લેખક મહાશયે અથાગ પરિશ્રમે સંશોધન કરી તૈયાર કરેલ છે એમ આ બુક વાંચતા માલુમ પડે છે. આ ગ્રંથમાં શત્રુંજયનો ફોટો અને મહાન્ અકબર બાદશાહે શ્રીમાન્ હીરવિજયસૂરીશ્વરજીને બક્ષીસ તરીકે કરી આપેલ અસલ ફરમાન-ખરીતો ( ફારસી ભાષામાં ) ની છપી આપી તેમજ છેવટે ચાલતા કેશમાં શ્રી પાલીતાણા દરબારશ્રીએ આપેલ અરજી આપણો જવાબ અને મી૦ વોટસનનો ફેસલો આપી અત્યાર સુધીની શ્રી શત્રુંજયની સ્થિતિનું સ્ફુટ રીતે દીગ્દર્શન કરાવ્યું છે. દરેકે દરેક જૈન વ્યકિતએ તે વાંચી જાણકાર થવાની પોતાની ફરજ છે. ભવિષ્યમાં પણ આવા ગ્રંથો હકરક્ષણનો જવાબ આપી શકે છે. બીજાના તીર્થોના પણ પરાપૂર્વથી આજ સુધીના ઇતિહાસિક વૃતાંતો આ રીતે પ્રકટ થવાની જરૂરી છે. અમો તે માટે જૈન પત્રના અધિપતિ શેઠ દેવચંદભાઇને ભલામણ કરીયે છીયે. કિંમત રૂ. ૧-૦-૦ યોગ્ય છે. મળવાનું સ્થળ ભાવનગર—જૈનપત્રની ઓફીસ.

---

ઇરિયાવહી કે. આલોચના સ્મારક નકશા-લેખીકા શ્રીમતી પ્રમોદશ્રીજી મહારાજ અને તેના ઉપદેશથી પ્રકટકર્તા શા. જીતમલજી સૌભાગ્યમલજી કોઠારી ઇન્દોર-માલવા. કિંમત અમૂલ્ય ઉપકાર સાથે સ્વીકારીયે છીયે.

---

**શ્રી રાજનગર જૈન શ્વેતાંબર મૂર્તિ પૂજક ધાર્મિક ઇનામી પરીક્ષા સંસ્થાનો સં. ૧૯૮૨ નો રીપોર્ટ**—ધાર્મિક કેળવણીની વૃદ્ધિને ઉત્તેજન અર્થે આ સંસ્થા અમદાવાદમાં સં. ૧૯૭૩ માં સ્થપાયા બાદ સારૂં કાર્ય કરી રહેલ છે. સંસ્થાના સેક્રેટરી ઝવેરી બાગીલાલભાઇ તારાચંદ વગેરે સભ્યો ઉત્સાહ પૂર્વક કાર્ય કરે છે. છેલ્લી પરિક્ષા સં. ૧૯૮૨ ના પ્રથમ ચૈત્રના રોજ લેવાયેલ છે. આ બંને વર્ષની પરિક્ષા પરિણામે રીપોર્ટમાં આપેલ કોઠાથી સં ૧૯૮૨ કરતાં સં. ૧૯૮૧ નું ઠીક જણાય છે. છતાં આ વર્ષે તેથી નબળું પરિણામ કંઇક છે જે ઉપર તે તે ખાતાની કમીટીનું લક્ષ ખેંચવામાં આવે છે. અને આ સંસ્થાએ મંજુર કરેલ ધોરણો પ્રમાણે અભ્યાસ કરાવવા ભલામણ કરવામાં આવે છે. ધોરણોમાં કંઇક ઇતિહાસિક આરોગ્યતા, અને આચારના ગ્રંથો દાખલ કરવાની સમયાનુસાર આ સંસ્થાની કાર્યવાહક કમીટીને નમ્ર સુચના કરીયે છીયે. કાર્યવાહિ ઉત્તમ હિસાબ ચોખવટવાળો છે અમે તેની ઉન્નત્તિ ઇચ્છીએ છીએ.

---

**શ્રી મહુવા જૈન યુવક મંડળનો સં. ૧૯૭૮ થી સં. ૧૯૮૨ નો રીપોર્ટ**—તેના સેક્રેટરીઓ તરફથી મળ્યો છે, મંડળનો ઉદ્દેશ અને બંધારણ યોગ્ય છતાં તેમની પ્રગતી નહિ થવામાં કમીટીએ રીપોર્ટની શરૂઆતમાં બતાવેલ એક સંપીની ખામીને કમીટીના મેમ્બરોએ સુધારી આ સંસ્થાને આગળ ચલાવવાની જરૂર છે. અમોને જરૂર ખાત્રી છે કે કમીટીના કેટલાક પરિચિત સભ્યો તે ખામી દૂર કરી આ સંસ્થાની પ્રગતિ કરી શકે તેવા છે. અમો તેમને ખાસ ભલામણ કરીયે છીયે. રીપોર્ટમાં મહુવા જૈન કોમનું સ્થિતિનું ચિત્ર અને કાર્ય દિશા એક બુક દ્વારા જુદુ આપેલ છે જે ઉપરથી આ શહેરની જૈનકોમ માટે શું કરવા જરૂર છે તે સ્પષ્ટ જણાય છે. કોઇ પણ સેવા ભાવી સંસ્થા પોતાની કોમની સ્થિતિનું દિગદર્શન આ રીતેજ કરી શકે છે અને તે ઉપરથી શું ઇલાજો લેવા તે જોઇ શકે છે. રીપોર્ટમાં જણાવેલા બંને ઉદ્દેશો અને ત્યાંની જૈન પ્રજાના કાર્યની દીશાને ઉચ્ચ સ્થિતિમાં મુકવાને માટે આગલા પાછલા કોઇ સંજોગો બાજુ ઉપર મુકી દરેક જૈન બંધુઓએ આ સંસ્થાને તન મન ધનથી મદદ કરવાની જરૂર છે. હિસાબ તથા વહીવટ યથાયોગ્ય છે તેમ રીપોર્ટ ઉપરથી જણાય છે અમો તેની આબાદિ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રી લેડીવિલિંગડન અશકતાશ્રમ સુરત સં. ૧૯૨૫ નો રીપોર્ટ**—કોમ અને ધર્મના ભેદ સિવાય કોઇપણ અશક્ત ( નિરાધાર ) મનુષ્યોને આ સંસ્થા આશ્રય આપી અપરિમિત પુણ્ય હાંસલ કરે છે આ સંસ્થાનો રીપોર્ટ વાંચતાં તેના કાર્યવાહકોમાં મનુષ્ય જાત પ્રત્યે કેટલી દયા છે તે આવા અશકત મનુષ્યોની સેવા કરી બતાવી આપે છે. આ સંસ્થાનો વહીવટ રીતસર હીસાબ ચોખ્ખા અને સંસ્થા સરકારમાં રજીષ્ટર થયેલ હોવાથી તેમજ તેની કાર્યવાહક કમીટીના સભ્યો શિક્ષિત વર્ગના હોવાથી સારી સેવા અને વહીવટ ચલાવે. છે આવા ખાતાં આ દેશમાં દરેક મોટા શહેરમાં હોવાની જરૂર છે. અશકત મનુષ્યની દરેકે દરેક બાબત ઉપર ધ્યાન આપી તેને રાહત આપે છે જે જોઇ આનંદ થાય છે આ ખાતું મદદ કરવા લાયક છે અમે તેની ઉન્નત્તિ ઇચ્છીએ છીએ.

---

# " મંગલાભિનન્દન. "

ગઝલ.

બાર ગુણવંત અરિહંતો, અમોને આપજો મંગલ.
અષ્ટ ગુણ યુક્ત જે સિધ્ધો, અમોને આપજો મંગલ.
સૂરિ છત્રીસ ગુણ ધારી, અમોને આપજો મંગળ.
ગુણો પચવીસ ધર પાઠક, અમોને આપજો મંગળ.
સાધુ સગ વીસ ગુણ ભૂષિત, અમોને આપજો મંગળ.
ત્રિલોકે જૈનનાં બિંબો, અમોને આપજો મંગળ.
પિતા ચોવીસ જીનવરના, અમોને આપજો મંગળ.
સકલ તીર્થેશ માતાઓ, અમોને આપજો મંગળ.
ગણેશો ઇન્દ્રભૂત્યાદિ, અમોને આપજો મંગળ.
ધર્મ જીનરાજનો ભાખ્યો, અમોને આપજો મંગળ.
દેવતા સર્વ સમ્યકત્વી, અમોને આપજો મંગળ.
તીર્થના રક્ષકો યક્ષો, અમોને આપજો મંગળ.
દેવીઓ તીર્થ હિતચિંતક, અમોને આપજો મંગળ.
દેવતા સોળ વિદ્યાની, અમોને આપજો મંગળ.
કુબેરાદિ દિશાવાળો, અમોને આપજો મંગળ.
ગ્રહો શુભ ક્રૂર જે સર્વે, અમોને આપજો મંગળ.
સદાચારી સતી સત્તા, અમોને આપજો મંગળ.
ચક્રી બલદેવ ને કેશવ, અમોને આપજો મંગળ.
જીવ શિવગામી ઇત્યાદિ, અમોને આપજો મંગળ.
એવં મંગળ માલિકા, નિત હજો ચોવીસમા વર્ષમાં.
આત્માનંદ પ્રકાશ માલિકતણા, જાજો દિનો હર્ષમાં.
સદ્બોધ પ્રકટાવજો હૃદયમાં, અજ્ઞાન સંહારજો.
સર્વે વાચકને પ્રસન્ન કરિને, પ્રખ્યાતિને ધારજો.

લે૦–પં૦ અમોઘચરણ.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# યશોવિજયજી જૈન ગુરૂકુળ.

પાલીતાણા.

# વિનંતિ પત્ર.

સુજ્ઞ મહાશય,

વિ. વિ. સાથ નિવેદન કરવાનું કે **જૈન સમાજને અપીલનું** જે બુકલેટ અમોએ બહાર પાડેલ છે તેનો આપ, સપ્રેમ સત્કાર કરી પુરેપુરૂં વાંચવા તસ્દી લેશોજી.

આપશ્રીએ આ સંસ્થાના સ્વામીવાત્સલ્ય ટ્રસ્ટ ફંડના કોઇપણ વર્ગના મેમ્બર તરીકે યા બીજી રીતે આપનું મુબારક નામ સંસ્થાના સ્હાયક તરીકે નોંધાવ્યું ન હોય તો નોંધાવવા કૃપા કરશોજી. ( પેટ્રનના ત્રણ પ્રકારો છે ૨૫૦૦–૫૦૦૦–૧૦૦૦૦ તેમ લાઇફ મેમ્બરના પણ ત્રણ પ્રકારો છે ૨૫૦–૫૦૦–૧૦૦૦ વધુ વિગત માટે જુઓ આ બુકલેટનું પેજ ૧૨ મું.)

આ સંસ્થામાં હાલમાં ૧૦૦ વિદ્યાર્થીઓ લાભ લે છે. તે જુદા જુદા ગામના મળીને ૫૮ ગામના શ્રી સંઘોના વિદ્યાર્થીઓ છે જેમાં ૬૯ વિશાશ્રીમાળી ૧૬ દશાશ્રીમાળી ૧૧ વિશાઓસવાલ ૨ દશાઓસવાલ ૧ વિશાપોરવાડ અને ૧ વિશાનીમા છે.

આ પત્રનો ઉલ્લેખ કરવાની જરૂરીઆત વિષે આપને જણાવવાનું કે શ્રી સિદ્ધગીરીમાં આવતા જાત્રાળુઓને લઇને આ સંસ્થાના ખર્ચમાં અડધો નિભાવ થતો હતો. પરંતુ કમભાગ્યે આપણે તે આપણા પ્રાણતુલ્ય પ્રિય, પવિત્ર તીર્થના ફેંસલાનો સંતોષકારક નિર્ણય આવે નહી ત્યાં સુધી યાત્રા ત્યાગ કરવો પડેલો હોવાથી આ સંસ્થાની આવકમાં મોટી રકમનો ટોટો પડે તેમ છે માટે અમો સર્વે શ્રદ્ધાળુ સાધર્મી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બંધુઓને આગ્રહપૂર્વક વિનંતી કરીએ છીએ કે, સંસ્થાએ આજદિન સુધી શ્રીસંઘની ચાલુ ઉદારતા ઉપર ભરૂસો રાખી કાયમી ફંડ ન કરતાં કામ કરીને મદદ મેળવી છે, પણ વર્તમાન સંજોગે મોટી રકમની મદદની અનિવાર્ય જરૂર જણાયાથી વિનંતી કરવાની ફરજ પડી છે, જેથી આપ યથાશક્તિ મદદ કરશો અને આપના સ્નેહી મંડળ અને આપ્તજનો પાસેથી શકિત અનુસાર રકમ કુપનમાં ભરાવી તાકિદે નીચેને શિરનામે આ સંસ્થાની અત્રેની ઑફીસે મોકલાવી આપી આભારી કરશો. આપની આ સમયોચિત અને સંસ્થાના વિકટ પ્રસંગે આવેલી યા અપાવેલી મદદ ઘણીજ અમુલ્ય ગણી શકાશે.

આ સંસ્થા આપણામાં પ્રસિદ્ધિ પામેલી છે. તેમ તેણે સમાજનો સારી રીતે વિશ્વાસ પણ સંપાદન કરેલ છે. એટલે તેની કાર્યવાહીના સંબંધમાં ન બોલતાં આપને અભ્યર્થના છે કે આપ, જરૂર સંસ્થાના આ આપદ્ધર્મ વખતે તેને બની શકિત સ્હાય કરશો ને કરાવશો અને સો બાળબ્રહ્મચારી વિદ્યાર્થીઓની શુભાશિષ લેશો અને શાસનના આ અભિવૃદ્ધિના કાર્યમાં અમોને ઉત્તેજીત કરશો.

છેવટ આશા છે કે આપ જેમ બને તેમ તાકીદે આપના ઉપર મોકલેલું કુપન ભરી યા ભરાવી મોકલી આપી આ પુણ્યના કાર્યમાં ભાગ લેશો.

પૂર્ણાહુતિમાં, શાસનના ઉદ્યોતરૂપ પૂર્વાચાર્ય પ્રણીત નીચેની ઉકિતનું આપને સ્મરણ કરાવી વિરમીએ છીએ. ૐ શાંતિ ! ! ! શાસન દેવતા ! સમાજનું ભલું કરો !

**સ્વામીના સગપણ સમું, અવર ન સગપણ કોઈ**
**ભક્તિ કરો સ્વામીતણી, સમકીત નિર્મળ હોય !**

હેડ ઓફીસ—
**શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ.**
પાયધુની, ગોડીજીની ચાલ-મુંબઇ.

લી. સંઘના સેવકો.
**શેઠ ફકીરચંદ કેસરીચંદ.**
**શેઠ લલ્લુભાઈ કરમચંદ.**
**શેઠ મોહનલાલ ખોડીદાસ.**
ઓ. સેક્રેટરી શ્રી ય. વિ. જૈન ગુરૂકુળ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તૈયાર છે. "શ્રાવક ઉપયોગી ખાસ ગ્રંથ." તૈયાર છે.

## "શ્રી આચારોપદેશ ગ્રંથ."

આચાર એ પ્રથમ ધર્મ છે એમ શાસ્ત્રકારો કહે છે, તે શું છે તે આ ગ્રંથમાં બતાવેલ છે. રાત્રિના ચતુર્થ પહોર ( બ્રાહ્મમુહુર્ત વખતે શ્રાવકે જાગ્રત થઇ શું ચિંતવવું ત્યાંથી માંડીને આખા દિવસની તમામ વ્યવહારિક તેમજ ધાર્મિક કરણી કેવા આશયથી તથા કેવી વિધિથી શું કરવી ? રાત્રિએ શયનકાળ સુધીમાં, મન. વચન, કાયાની શુદ્ધિપૂર્વક ધર્મ આજ્ઞાઓના પાલન તરીકેનું આચાર વિધાન કેવું હોવું જોઇએ ? વગેરે અનેક ગૃહસ્થ ઉપયોગી જીવનમાં પ્રતિદિન આચરવા યોગ્ય સરલ, હિતકાર યોજના આ ગ્રંથમાં બતાવેલ છે. શ્રાવકધર્મને માટે જીંદગીની શરૂઆતથી વ્યવહાર અને ધર્મના પાલન માટે પ્રથમ શિક્ષારૂપ આ ગ્રંથ છે, ખરેખર જૈન થવા માટે એક ઉત્તમ ગ્રંથ છે, કોઇ પણ જૈન નામ ધરાવનાર વ્યક્તિ પાસે તેના પઠન પાઠન માટે આ ગ્રંથ અવશ્ય હોવો જોઈએ કિંમત મુદ્દલ રૂા ૦–૮–૦ માત્ર આઠ આના પોસ્ટેજ જુદું. ———

## "શ્રી ધર્મરત્ન પ્રકરણ."

સર્વ ધર્મ સ્થાનની ભૂમિકારૂપ એકવીસ શ્રાવકના ગુણનું વર્ણન, ભાવશ્રાવકના લક્ષણો, ભાવ સાધુના લક્ષણો સ્વરૂપ અને ધર્મરત્નનું અનંતર પરંપર ફળ, અનેક વિવિધ અઠ્ઠાવીશ કથાઓ સહિત આ ગ્રંથમાં આપવામાં આવેલ છે, પ્રથમથી છેવટ સુધીના તમામ વિષયો ઉપદેશરૂપી મધુર રસથી ભરપુર હોઈ તે વાંચતા વાચક જાણે અમૃત રસનું પાન કરતો હોય તેમ સ્વાભાવિક જણાય છે. વધારે વિવેચન કરતાં તે વાંચવાની ખાસ ભલામણ કરવા આવે છે. અનેક નવીન વસ્તુનું જ્ઞાન પણ થાય છે, કિંમત રૂા ૧–૦–૦ પોસ્ટેજ જુદું.

"કાવ્ય સાહિત્યનો અપૂર્વ ગ્રંથ."

## "કાવ્ય સુધાકર."

( રચયિતા—આચાર્ય શ્રી અજીતસાગરજી મહારાજ. )

કાવ્યકલા અને સાહિત્યનો એક સુંદર નમુનો કે જે સામાયિક રસથી ભરપૂર છે, તેવા હૃદયદ્રાવક ૪૩૫ વિવિધ કાવ્યનો સંગ્રહ છે. આ કાવ્યોમાં કાવ્યઝરણનો નિર્મળ પ્રવાહ અસ્ખલિતપણે વહે છે, જે આ ગ્રંથમાં સંપૂર્ણ કળામાં દીપી નીકળે છે, જેથી વાચકને રસ ઉત્પન્ન કરે છે. આ ગ્રંથમાં ચાર વિભાગ ૧ કાવ્ય કિરણાવલી, ૨ કાવ્ય કૌમુદી, ૩ સાહિત્યસાર અને ૪ શ્રી આનંદઘનજી પદનો કાવ્ય ( કવિતા ) રૂપે અનુવાદ એ ચારનો સમાવેશ કરવામાં આવેલો છે. તમામ કાવ્યો એકંદર સરલ, સુંદર, રસયુક્ત, હૃદયદ્રાવક, અને ભાવવાહી છે. સામાજીક, નૈતિક, ધાર્મિક, વિષયો સાથે પ્રાસંગિક અને કુદરતી વર્ણનોથી બનેલાં આ કાવ્યો હોઇને દરેક મનુષ્યને ઉપયોગી છે. દરેક મનુષ્યે લાભ લેવા જેવું છે. ઉંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપથી છપાવી સુંદર રેશમી કપડાના પાકા બાઇંડીંગથી અલંકૃત કરેલ સાડાચારસો પાનાનો આ ગ્રંથ છે. કિંમત રૂા. ૨–૮–૦ પોસ્ટેજ જુદું.

મળવાનું ઠેકાણું—"શ્રી જૈન આત્માનંદ સભા"—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંતાન ધનવાનનાં સારાં પાકે કે નિર્ધન ગુણવાનનાં!

"જેઓ ભૂલભરેલી રીતે વધારે ભાગ્યશાળી ગણાય છે એવાં ( તવંગરનાં ) છોકરાં કરતાં ગરીબ લોકોનાં છોકરાંમાં કૌટુંબિક સ્નેહ, પિતૃભક્તિ અને ભાઇભાંડુ પ્રત્યેનો અનુરાગ વિશેષ હોય છે, એમાં બીલકુલ નવાઇ નથી. કેમકે તેમણે પોતાના બચપણનો કાળ–જેના ઉપર જલદીથી સંસ્કાર પડી શકે છે; તે કાળ–નિરંતર માતા અને પિતાના સ્નેહમય સંસર્ગમાંજ ગાળેલો હોય છે; પ્રત્યેકનું સર્વસ્વજ તેઓ હોય છે અને તેમાં વચ્ચે આવી અંતરાય કરનાર કોઇ હોતું નથી. જે બાળકનો પિતાજ તેનો શિક્ષક, સોબતી અને સલાહકાર હોય છે અને જેની મા એજ એની ધાત્રી, દરજણ, શિક્ષિકા, સાથી, વીરરમણી અને સાધ્વી હોય છે; તેને એવો વારસો મળે છે કે જેનાથી તવંગરનાં છોકરાં બેનસીબ રહે છે."

"કેટલીક વખત તે મધરાત સુધી કામ કર્યાં કરતી. દિવસે અને સાંજના ઘરના કામકાજમાંથી પરવાર્યાં બાદ મળતા ફુરસદના વખતમાં જે વખતે મારો નાનો ભાઇ તેની પાસે બેસી તેને સોયમાં દોરા પરોવી આપતો તથા ભાગી આપતો, તે વખતે જેવી રીતે તે મને સુંદર ગાયન ગાઇ સંભળાવતી, તેવીજ રીતે તેને પણ સ્કોટલેન્ડનાં ઉત્તમ લોકગીત તે ગાઇ સંભળાવતી; અગર તો નીતિની વાતો કહી સંભળાવતી. તેણીનો ગીતસંગ્રહ અખૂટ હતો.:"

"હું અને મારો ભાઈ આ રીતે ઉછર્યાં હતા. આની સાથે હરિફાઇમાં ટકી શકે એવો કરોડપતિ કે અમીરઉમરાવનાં છોકરાંને કયો વારસો મળે છે?"

"એક પુસ્તક હમેશાં હું મારી સાથેજ રાખતો અને કામની વચમાં જ્યારે જ્યારે અવકાશ મળે ત્યારે વાંચ્યા કરતો. એને લીધે મારો આખા દિવસનો થાક ઉતરી જતો; એટલુંજ નહિ પણ રાતે મોડા સુધી જે નોકરી કરવી પડતી, તેનું દુઃખ પણ હળવું થઇ જતું. વળી શનિવાર આવશે, ત્યારે નવું પુસ્તક વાંચવા મળશે એવા ઉત્સાહમાં ભવિષ્ય પણ ઉજ્જવળ લાગતું."

"વિષય શોધવાની મારામારીમાં દરેક નીતિશાસ્ત્રજ્ઞ રહી રહીને મનમાં વિચાર કરે છે કે મોટા અને શ્રીમંત લોકોના પુત્રો હંમેશાં દુષ્ટ અને દુરાચારી નીવડે છે તેનું કારણ શું? * * * આવા નીતિશાસ્ત્રજ્ઞનો પ્રશ્નજ અવળો છે એટલે જવાબ જલદી શોધી કાઢતાં વાર લાગે છે. શ્રીમંત લોકોના મૂર્ખ પુત્રોને વારસામાં પુષ્કળ ધન મળે છે એમાં તેમના દુર્ભાગ્ય સિવાય બીજો કશો દોષ તેમનો નથી; પણ ખરો દોષ તો તેમને મોટો વારસો આપનાર માતપિતાનો છે."

"મારી વાત કોઇને રૂચશે નહિ, બાકી જો એક એવો કાયદો કર્યો હોય કે, સારી કેળવણી અને સુંદર તંદુરસ્ત શરીર સિવાય કોઇને વારસામાં બીજી એકે વસ્તુ મળે નહિ તો બીજેજ દહાડે દુનિયાના બધા માણસો સુધરી જાય."

"દાનવીર કાર્નેગી."

For Private And Personal Use Only